ગોપીજનોએ જોયું કે શ્રીકૃષ્ણ ગોપબાલકો દ્વારા પોતાને બોલાવી રહ્યા છે. પોતે પણ પ્રિય-મિલનના મનોરથ કરીનેજ ઘેરથી નીકળ્યા છે હવે ચતુરાઈપૂર્વક પ્રિયના એકાન્ત મિલન માટે યુક્તિ શોધતા, તેઓ ગોપોને કહેવા લાગ્યાઃ (જાણેકે તેમનો ઉપહાસ કરતા હોય તેમ કહે છે.) અરે ગોપબાલકો, વનમાં ખેલતાં ખેલતાં મોડું થવાથી તમને ભૂખ લાગી હશે એમ જાણીને તમારા સ્વામી કૃષ્ણ અમને ગોરસવાળીઓને બોલાવતા હશે! શું તમને ખરેખર ભૂખ લાગી છે? તો તમે તમારા ઘેર જાઓને! (ખાવા માટે) આમ પારકી વસ્તુની આશા શા માટે રાખવી?

(૮૪) [ગીતિ છંદ]

ન જાઓ નંદશયથ છે,
વ્રજપતિ તેના હુકમ વિના વનમાં

વૃંદા સ્ત્રી તેનું વન
કયાંથી વિપિન અમારું આ.

(૮૪) હવે ગોપીઓ વનમાં આગળ જવા ચાલવા લાગે છે. ગોપીઓ કહે છે કે "વ્રજપતિની આજ્ઞા વિના તેમના વનમાં તમે આગળ ન જાઓ. તમને નંદરાયજીની આણ છે."

ગોપીઓ કહે છે કે "અરે, આ તો વૃંદાવન છે." વૃંદા સ્ત્રી હોવાથી આ તો સ્ત્રીઓનું વન છે. અર્થાત્ અમારું છે એમનું વન કયાંથી આવ્યું? અહીં અમને રોકવાનો તમને શો હક્ક છે?

(૮૫) (અનુષ્ટુપ)

વક્રતા તમ વાણીમાં, દેખાય જ અલૌકિક,
વક્રતા શબ્દનો ધર્મ ખરો દૃષ્ટિ થતાં બને?

(૮૫) ગોપબાલકો ગોપીઓની ચતુરાઈથી હારી જતા લાગે છે. તેઓ કહે છે કે 'ગોપીઓ' તમારી વાણીમાં કોઈ અનોખી વક્રતા દેખાય છે. (તમે વાંકુ બોલો છો).

"દેખાય છે" એ શબ્દો પકડીને ગોપીઓ કહેવા લાગી. "અરે અમારી વાણીનું વાંકાપણુ તમને આંખેથી દેખાયું? એ પણ આશ્ચર્ય!! (અહીં વક્રોક્તિ અલંકાર છે.)

(૮૬) (અનુષ્ટુપ)

તમોને અતિ શાણાએ, શું ન્યાય પણ જાણીએ?
ભણવાને અન્યાય, હાવાં તું અહીં આવીઓ?

[illegible] તો બહુ ડાહ્યા! અરે શું તમે ન્યાય (ન્યાયશાસ્ત્ર તર્કશાસ્ત્ર) પણ જાણી આવ્યા છોને? [અહીં પણ વક્રોક્તિ અલંકાર છે.]

(૮૭) [વસંતતિલકા છંદ]

તેવે વિલંબ ન સહી, રૂડી મેખલાના;
શૃંગારથી કવણિત સુંદર ચાલથી આ;
ગોવર્ધનાદ્રિ થકી ચંચલ વસ્ત્રવાળા,
ચંદ્રાવલી નિકટ અંબુજનેત્ર આવ્યા.

(૮૭) **ટીકા :** સ્વપ્રિયાના મિલનમાં થતો આ વિલંબ પ્રિયતમ સહી ન શકયા. ગોપબાલકો પાછા આવ્યા ન આવ્યા એટલામાં તો આપ ત્વરિત ગતિથી, શ્રીગોવર્ધન પર્વતના શિખર ઉપરથી નીચે પધારવા લાગ્યા. એ સમયની શોભાનું વર્ણન કરે છે.

સુંદર કટિમેખલાની ઘૂઘરીનો મધુર નાદ—ઝંકાર કરતા મનોહર ચાલ ચલતા પીતાંબરના અંચલને ફરકાવતા એ કમલનયન પ્રભુ તળેટીમાં શ્રી ચંદ્રાવલીજીની સમીપ પધાર્યા.

ગૂઢ આશયો : (૧) પીતાંબરની ચંચલતાથી ચાલની ત્વરા સુચવાય છે. (૨) ત્વરાથી પધારવામાં વ્રજભક્તો ઉપરની કૃપાની અતિશયતા દર્શાવે છે. (૩) કમલનયન એ વિશેષણથી દૃષ્ટિ દ્વારા ભક્તોના તાપ દૂર કરવાનું કાર્ય સુચવાય છે. (૪) પીતાંબર ઉપર ધરેલી કટિમેખલાની મધુર ધ્વનિનો ભાવ આ પ્રમાણે છે. પીતાંબર વેદ રૂપ છે. (વાસોશ્છંદીમથમ્-શ્રીમદ્ ભાગવત).

આવા પીતાંબર ઉપર ધરેલી મેખલાનો ધ્વનિ થાય છે, તે વેદ ધ્વનિ છે જાણે વેદ ભગવાનની ગતિની સ્તુતિ કરી રહ્યા છે. (૫) લોકદૃષ્ટિએ વેદાતીત છે. વેદ પ્રભુની અવ્યક્ત સ્તુતિ જ કરી શકે છે, સાક્ષાત્ વર્ણન કરી શકતા નથી. અહીં મેખલાની ઘૂઘરીઓ અવ્યક્ત મધુરનાદ જ કરે છે; વેદનો અભિપ્રાય સૌ કોઈ સમજી શકતા નથી. વિરલ મહદ્ ભક્તો જ એને સમજી શકે છે. અહીં પણ વ્રજભક્તો જ એ મેખલાનો નાદ અંતરમાં સમજી શકે છે (૬) મૂલમાં **गोवर्धनाद्रि शिरसः** (શ્રી ગિરિરાજના શિર ઉપરથી) એમ કહ્યું છે. એમાં એ ભાવ છે કે શ્રી ગિરિરાજજી વ્રજ—ભક્તોના હિતકારી છે. શ્રી ગિરિવરને માથે બિરાજતા શ્રીજી ભક્તોના અંગીકારમાં વિલંબ કરતા નથી. તેથી આપ સત્વરે ભક્તોની પાસે પધાર્યા. વળી આથી એ પણ સુચવાય છે કે શ્રીગોવર્ધનસ્થિત પ્રભુના ભજનથી શીઘ્ર ભગવત્પ્રાપ્તિ થાય છે.

(૮૮) [ઉપજાતિ છંદ]

અગમ્યવાણી – મનથી કટાક્ષ
સૌન્દર્યનો લેશ વિચિત્રવેશ,
સ્મિતશ્રીએ મોહિત કામ જેણે,
દીઠા રૂડા નંદકુમાર તેણે.

(૮૮) **ટીકા :** જેમના કટાક્ષની સુંદરતાનો લેશ પણ મનથી ગ્રહણ ન થઈ શકે, વાણીથી વર્ણવી ન શકાય તેવો અદ્ભુત છે. તેમજ પોતાના મંદ હાસ્યની શોભાથી જે કામદેવને પણ મોહિત કરે છે એવા સુંદર નંદકુમારને ચંદ્રાવલીજીએ સમીપમાં જોયા.

[પ્રભુ કટાક્ષપૂર્વક દૃષ્ટિ કરતા પધાર્યા, એ સમયે નેત્રોની શોભા કેવી છે તેનું વર્ણન કરે છે. આધિદૈવિક કામદેવને પણ મોહિત કરે તેવું સ્વરૂપ છે તો એ સ્વરૂપથી કામદેવની સેનારૂપ સ્ત્રીઓ મોહિત થાય એમાં તો આશ્ચર્ય જ શું? ચંદ્રાવલીજી મોહવશ બન્યાં.]

(૮૯) ગીતિ છંદ

વદન સુધાનિધિ શોભા જલનિધિ
મહી મગ્ન દૃષ્ટિને સદશી,
અળગી કરી શકે નહિ સહસા,
તે સહ મન પણ ગયું વળગી.

(૮૯) ટીકા : પ્રિયતમના મુખચંદ્રના સૌંદર્ય–સાગરમાં પ્રિયાની દૃષ્ટિ એવી તો ડૂબી ગઈ કે તેઓ તેને તેમાંથી બહાર કાઢવાને અસમર્થ બન્યાં, એટલું જ નહિ પણ એ શોભાસમુદ્રમાં મન પણ તરતજ મગ્ન થઈ ગયું. ડૂબી ગયું.

મુખરૂપી સુધાનિધિ–ચંદ્ર તેના શોભા રૂપી સાગર, તેમાં ડૂબી ગયેલી દૃષ્ટિને, ચંદ્રાવલીજી બહાર કાઢી શકયા નહિ કેમકે એ કાઢવાનું સાધન મન પણ દૃષ્ટિ સાથે જ અંદર ડૂબી ગયું. (દોરડા સહિત ઘડો કુવામાં ડૂબી જાય તેમ) સાધારણ સમુદ્રમાં ડૂબેલો મનુષ્ય પોતાની મેળે બહાર નીકળી શકતો નથી તો અમૃતસમુદ્રમાં ડૂબેલી દૃષ્ટિ સ્વયં કેમ નીકળી શકે ?

(૯૦) ગીતિ

અપાંગ રૂપ વિલાસીમય,
ઉત્તુંગ તરંગે મન નયન,
અગાધ રસમાં પડિયાં,
બહાર ત્યાંથી જવા નહિ સમર્થ.

(૯૦) ટીકા : સાગરનાં ઊંચે ઊંચે ઊછળતાં (તરંગોના) મોજામાં સપડાયેલી વસ્તુ જેમ એમાંથી નીકળી શકે નહિ તેમ પ્રિયતમનાં નેત્રકટાક્ષના તરંગોમાં ફસાએલી દૃષ્ટિ તથા મન અગાધ રસમાં મગ્ન [illegible] આવવાનું સામર્થ્ય રહ્યું નહિ.

[ચંદ્રાવલીજી આપનું મુખ નીરખવા લાગ્યાં અને પ્રભુ કટાક્ષબાણો છોડવા લાગ્યા એથી કરીને તેઓ મોહમગ્ન, જાણેકે સમાધિસ્થ બની ગયાં. કેમ ન બને !]

(૯૧) (મંદાક્રાન્તા છંદ)

વેણીને વા દધિકલશને, મસ્તકસ્થાયી જે વા,
તે રસ્તાને વળી ગમનને, વસ્ત્ર કંચુકીને વા,
સાહેલીને નિજગૃહ અને દેહને કૃષ્ણને વા,
એ પદ્માક્ષિ કંઈ ન સમજે, તે સમે મોહમાં વા.

(૯૧) ટીકા : એ કમલનયની એવાં તો મોહમગ્ન બની ગયાં કે તેમને કશું જ ભાન ન રહ્યું. પોતાની વેણીનું, માથે મૂકેલા દધિકળશાનું, કયે રસ્તે આવ્યાં અને કયાં જવાનું તેનું, પોતાની સાડી તથા ચોળીનું, સાથે રહેલી સખીઓનું, પોતાના શરીરનું કે પોતાના ઘરનું ભાન ન રહ્યું. અરે સામે પ્રીતમ ઊભા છે એનું પણ ભાન એમને ન રહ્યું.

[માથેથી દધિ–કળશ પડી ન જાય તેની કાળજી રાખવાની તેમને શુદ્ધિ ન રહી, પવનથી વિખરાઈ જતા કેશને પણ તેઓ સુધારી ન શકયાં. મસ્તકે ઉર ઉપરથી ખસી જતી સાડીને તેઓ સંવારી ન શકયા, સાથે સાહેલીઓ છે તે આ જોઈ જશે ને બીજાને કહી દેશે એનું પણ ભાન ન રહ્યું. એટલું જ નહિ પણ સામે ઊભેલા પ્રિયતમને પણ તેઓ ભૂલી ગયા. આ સંયોગ શૃંગારની પરમ ઉત્કૃષ્ટ અવસ્થા છે કે જેમાં બહારની બીજી કોઈ વસ્તુની શુદ્ધિ ન રહે. સમાધિ અવસ્થામાં યોગીઓને બ્રહ્માનંદનો આસ્વાદ લેતાં થાય છે એ પ્રકારે થયું.]

તેશું અનુકૂલ તરંગ ધારે,
કટાક્ષપાતે સખિ શું વધારે,
વિશાળ જાળો સમ વાણીએ તે,
ઉદાર સંજ્ઞા કરતાં જ તેને.

(૯૨) ટીકા : ઉદાર શ્રીકૃષ્ણે જોયું કે ચંદ્રાવલીજી મોહમગ્ન બની ગયાં છે ત્યારે તેમાંથી બહાર કાઢવા માટે, અનુકૂલ એવો કટાક્ષ પોતે કર્યો, જેમ ડૂબતા માણસને બચાવવા દોરડું નાખવામાં આવે તેમ જાળ નાખીને સમુદ્રમાં ડૂબતાને બચાવી શકાય, તેમ જાળ સમાન વાણી વડે (આપની વાણી સ્નેહમાં ફસાવનારી હોવાથી જાળ સમાન) તેમને શુદ્ધિમાં લાવવા પ્રયત્ન કરે છે, કેમકે આવી જ મોહાવસ્થા ચાલુ રહે તો જે લીલા કરવી છે તે કેમ થાય.

(૯૩) ઉપજાતિ

એને પિયૂમાં ઉપજી હતી જે
ચાતુર્ય ધૈર્યાદિક યુક્તિ તેવે,
છે એ જ ગોવિંદ પદપ્રતાપ
પ્રભાવથી માત્ર ન માનું અન્ય.

(૯૩) ટીકા : પ્રિયાજી હવે શુદ્ધિમાં આવ્યા. પ્રિયતમ સાથે ચતુરાઈથી અને ધૈર્યપૂર્વક વાર્તાલાપ કરવા લાગ્યાં. પ્રભુને રાખવા હોત તો તેઓ મોહમગ્ન જ રહ્યાં હોત પરંતુ તેઓ તેમાંથી જાગૃત થયાં એમાં પ્રભુનોજ પ્રતાપ અને પ્રભાવ કારણ રૂપ છે. પ્રભુએ જ તેમને મોહનિદ્રામાંથી જગાડયાં.

હાસ્યે મુખે ચલ કટાક્ષ વિલોચને ને
જોતાં રૂડું સ્મિત તણી દ્યુતિએ ગતિએ,
શું વર્ણવું બહુ સખિ, નિજ દક્ષતા એ,
ઘેલી કરે રસિકતા–નિધિ નાથ તેને.

(૯૪) ટીકા : રસિકતાના નિધિ એવા નાથે તેને ઘેલી બનાવી દીધી, જાણેકે વશીકરણ કર્યું. શેનાથી ? હાસ્યયુક્ત મુખથી, નેત્રકટાક્ષોથી, સ્નેહપૂર્વક દૃષ્ટિપાત કરીને મંદ સ્મિતની કાન્તિથી, મનોહર ચાલથી; અરે બહુ વર્ણન કરવાથી શું ? સંક્ષેપમાં કહીએ તો પોતાની દરેક પ્રકારની ચતુરાઈથી તેને ઘેલી બનાવતા પ્રભુ હવે કહેવા લાગ્યા. (પ્રભુ ગોકુલના નાથ છે શૃંગાર રસના અધિષ્ઠાતા છે. ગોકુલવાસીઓના શૃંગાર રસના પરિપોષક છે. રસના પોષણાર્થે આ બધું કરી રહ્યા છે.)

(૯૫) (અનુષ્ટુપ છંદ)

ગોવિંદ વચને જાણે, જાગ્યા તે પણ સુંદરી,
સખી, ઉદ્ધત આપે ત્યાં, પ્રત્યુત્તર અનુત્તર.

(૯૫) ટીકા : અને એ સુંદરી પણ જાણે કે ગોવિંદનાં વચનોથી મોહનિદ્રામાંથી સહસા જાગૃત થઈ ગયાં છે અને હવે પ્રભુ જે જે કહે છે તે દરેકના અત્યંત હિંમતથી એવા પ્રત્યુત્તર આપે છે કે જેનો સામો જવાબ આપવો મુશ્કેલ થઈ પડે છે.

[આ સુંદરી છે એમનું માત્ર રૂપ જ નહિ, પણ મન અને વાણી પણ સુંદર છે અને એવા જ સુંદર ઉત્તર–પ્રત્યુત્તરો પ્રભુને આપી રહ્યાં છે.]

(૯૬) (અનુષ્ટુપ)

કેમ આપ્યા વિના જાતી, દાન ગોરસ વેચતી,
સિંજતી મેખલા ધારી, સ્વવૈભવ જણાવતી.

(૯૬) ટીકા : શ્રીકૃષ્ણ કહે છે કે અરે, ગોરસ વેચવા જાય છે તો તે ઉપરનો કર–દાન આપ્યા વિના કેમ જાય છે? શું તું એમ માને છે કે કટિમેખલાની ઘૂઘરીઓ ધમકાવીને, અર્થાત્ આભૂષણોના વૈભવથી દાન લેનારને આંજી દઈશ, એટલે એ મને કંઈ કહેશે નહિ! ના, ના, એવું નહિ બને! હું તારા ઠાઠથી અંજાઈ જાઉં એવો નથી. દાનલીલા વિના હું તને નહિ જવા દઉં. મારું દાન આપીને જા. [ગૂઢાર્થ એ છે કે પ્રભુ ગોકુલના સ્વામી નાથ છે. સર્વ વસ્તુ ઉપર એમનું સ્વામિત્વ (હક) છે. વળી **यद्यदिष्टतमं लोके** તદનુસાર તેમાં જે જે ઉત્તમ વસ્તુ હોય તે તથા પોતાને જે પ્રિય હોય તે પ્રથમ પ્રભુને નિવેદન કરાવાં જોઈએ એ કર્યા વિના લૌકિક વિનિયોગ થાય તે કેમ ચાલે! માત્ર ગોરસ જ નહિ, સર્વસ્વ પ્રભુને નિવેદન કરવું યોગ્ય છે. ફલ વિચારે તો ફલરૂપ **શ્રીકૃષ્ણ** સ્વયં પધાર્યા છે, ગોપીજનોના મનોરથો પૂર્ણ કરવા પ્રગટ્યા છે, અનુગ્રહ કરવા અત્રે પધાર્યા છે. એમની વસ્તુઓનો અંગીકાર એ પણ અનુગ્રહ છે પ્રભુ સિવાય અન્ય કોણ એમની વસ્તુનો અધિકારી હોઈ શકે? પ્રભુને આપ્યા સિવાય એ બીજે કેમ લઈ જાય?

વળી એ પ્રભુને રીઝવવા તો ઘેરથી નીકળ્યા છે! નહિતર આવા નિર્જન વનમાં કટિમેખલા આદિ–આભૂષણોના ઠાઠની શી જરૂર હતી? માટે પ્રભુ પૂછે છે કે તું મને ગોરસદાન કર્યા વિના જ કેમ ચાલી જાય છે.

(૯૭) (ગીતિ)

અત્યાર સુધી મારી, ગતિ પણ
સુન્દર ન શું તમે નીરખી?

જુઓ, જુઓ, એમ કહી, કતિપય
પગલાં ભરતાં તે સુમુખી.

(૯૭) ટીકા : પ્રભુએ પુછ્યું **कथं गच्छसि**–કેમ જાય છે? ‘કેમ’ના બે અર્થ થાય છે ‘શા માટે’ અને ‘કેવી રીતે.’ ચંદ્રાવલીજી આ બે શબ્દોનો ‘કેવી રીતે જાય છે!’ એવો અર્થ પકડીને વક્રોક્તિથી ઊલટો જવાબ આપે છે.]

હે સુંદરવર, હું કેવી રીતે જાઉં છું–કેમ ચાલું છું એમ કહીને હસતાં હસતાં તેમણે કેટલાંક પગલાં ભરી બતાવ્યાં. (પ્રભુની સામે ઊભાં હતાં ત્યાંથી પાછા ફરીને સામી દિશામાં.

(૯૮) (પૃથ્વી છંદ)

ન જોઈ ગતિ શોભિની, ફરીથી મને,
સમીપ અહીં આવીને, નિજ ગતિ તું દર્શાવને,

અહે, કુલીન નારીને નિકટ તેડતા નિર્ભય,
તમે અવનવા દીસો વન વિષે જતાં ઉદ્‌ભટ".

(૯૮) ટીકા : તે જોઈને પ્રભુ સામી યુક્તિ અજમાવે છે. "ઓહો, તારી ચાલ તો સુંદર દેખાય છે. પરંતુ આમ પાછળથી જોવાથી બરાબર દેખાઈ નહિ. હવે મારી તરફ પાછી આવીને તું તારી સુંદર ચાલ મને ફરીથી દેખાડ".

ચંદ્રાવલીજી કહે છે, અહો, કુલવતી સ્ત્રીને પાસે આવવાનું કહો છો? તમને કોઈની બીક પણ નથી? તમે તો વનમાં રહેનારા કોઈ નિરંકુશ પુરુષ દેખાવ છો? શહેરી સભ્યતા વનવાસીઓમાં ક્યાંથી હોય! બીજાઓના દેખતાં આવું કહેતાં તમને બીક પણ લાગતી નથી?

(૯૯) (અનુષ્ટુપ)

શાની હવે મને ભીતિ, સહાય તુજ ધારતાં,
સ્વસહાયી કરે ઓહો મને તો વિપરીત આ.

(૯૯) ટીકા : શ્રીકૃષ્ણ કહે છે અત્યાર સુધી મને બીક લાગતી હતી. પરંતુ, હવે તો તારા જેવી સહાયક મને મળી ગઈ છે. હવે બીક શાની?

(મૂલ આશય–શ્રુતિ કહે છે : **सोऽतिमेते तस्मादेकाकी बिभेति इति**–સૃષ્ટિના પૂર્વકાલમાં ભગવાનને ભય થયો કેમકે એકલા હતા, તેથી સહાયકની ઈચ્છા કરી. પછી વિચાર્યું કે મારાથી ભિન્ન તો કંઈ છે જ નહિ, હું કોનાથી ડરું? વળી તે રમણ ન કરી શકયા. કેમકે એકલાથી રમણ ન થઈ શકે. દ્વિતીયની ઇચ્છા કરી અને પોતાના સ્વરૂપમાંથી લીલાસૃષ્ટિ પ્રગટ કરી.)

શ્રીચંદ્રાવલીજી કહે છે કે અરે, આ તો મનેજ પોતાની સહાયક બનાવે છે. જુઓ તો, આ કેવી અવળી વાત કરે છે! એક બાજુથી મને પજવી રહ્યા છે ઉપરથી મને પોતાની સહાયક બનાવે છે આ પણ કેટલું વિપરીત–કેટલું અવળું.

(૧૦૦) જાઓ સખીઓ, ગોકુલ,
વૃત્તાંત કહો જ નંદજીને

આ તમ ધર્મરાજ્ય માર્ગે
નહિ શ્રવણ કર્યું પરાંગના–ગ્રહણ.

(૧૦૦) ટીકા : ચંદ્રાવલીજી પોતાની સખીઓને સંબોધીને કહે છે કે તમે ગોકુલ જાઓ અને નંદરાયજીને આ વૃત્તાંત કહો, અને કહો કે તમારા ધર્મરાજ્યમાં સ્ત્રીઓએ આવી જબરદસ્તી થતી કદી સાંભળી નથી. આજે તમારા લાડકવાયા પુત્ર પરસ્ત્રીઓને પજવી રહ્યા છે.

(૧૦૧) (ગીતિ)

તો શું નિમિત્ત જ લઈ, કરે નિજ ગૃહે જવા તું ચાતુર્ય,
હું ગોપીજન, સંધ્યા સમય સુધી નહીં જવા દઉં ઘેર.

(૧૦૧) ટીકા : શ્રીજી કહે છે કે તારી ચતુરાઈ હું સમજી ગયો છું. આ મિષે તું તારી સખીઓને ઘેર મોકલી દેવાની (અને તેમની પાછળ તારા પણ ચાલ્યા જવાની) તું યુક્તિ કરે છે પરંતુ હે ગોપીઓ, હું તમને કોઈને સાંજ પડતાં સુધી તો ઘેર નહિ જવા દઉં. (સંધ્યા સમયે મારે ગાયો લઈને ઘેર જવું પડશે, તે પછી તમે જઈ શકશો.)

હવે આ વચનમાંથી, શ્લેષથી બીજો અર્થ નીકળે છે "હું ગોપીજન સંધ્યા સમય સુધી" એટલે સંધ્યા સમય સુધી હું ગોપીજન છું. "ભગવાને જાણે આ પ્રમાણે કહ્યું એવો અર્થ લઈને, વક્રોક્તિથી તેનો પ્રત્યુત્તર આપે છે.

(૧૦૨) પૃથ્વી છંદ

તમે પુરુષરત્ન છો, પછી ‘હું ગોપિકાં કાં વધા
અહો અવધિયુક્ત ને શ્રવણ ભદ્ર જે આપમાં,

બહુત્વ તમ શી રીતે વ્રજકુમાર દિવ્યા ખરી,
દિસે તમ સુચાતુરી, સકલ વાદીને જીતતી.

(૧૦૨) ટીકા : હે પ્રભુ, આપ તો પુરુષોમાં પણ ભૂષણરૂપ છો, છતાં "હું ગોપીજન છું" એવું કેમ બોલો છો? અને તે પણ સંધ્યા સમય સુધી! ત્યાં સુધી તમે સ્ત્રી થઈ રહેશો; અને પછી પુરુષ બની જશો! આ બધું શું? વળી તમે એક છો છતાં હું ગોપીજન (ગોપીઓ) એમ કહો છો? એકના અનેક થયા છો! આપની આવી વિચિત્ર વાત સાંભળીને તો અમને હસવું આવે છે! અહો, તમારી વાણીની ચતુરાઈ તો સકલ વાદીઓને જીતી લે એવી અદ્‌ભુત દેખાય છે (વ્યંગમાં કહે છે) કહેવાનું એ છે કે તમને બોલતાંજ આવડતું નથી. અમારી સાથે વાદવિવાદમાં હારવું પડે એવું અસંબદ્ધ બોલો છો! તમે ચતુર શાના!

પણ નીચે પ્રમાણે ગૂઢ આશયો રહેલા છે. જ્યારે શ્રી ઠાકુરજી દિવસે ગાયો ચરાવવા જાય છે ત્યારે શ્રીસ્વામિનીજીના તથા ગોપીજનોના વિયોગથી, તેમનામાં પ્રભુ તન્મય બની જાય છે. અર્થાત્ સ્ત્રી પુરુષ બની જાય છે. આવી મનઃસ્થિતિમાં સંધ્યાપર્યંત વનમાં રહેવું પડે છે. જ્યારે વનથી વ્રજમાં પધારે છે ત્યારે મૂળ સ્થિતિમાં આવી જાય છે. રાસ પંચાધ્યાયીમાં જેમ ગોપીજનો **तन्मनस्काः तदालापाः** પ્રભુમાં તન્મય બની ગયાં તેમ અહીં ભગવાન પણ બની જાય છે, જે જેમાં તન્મય બને, તેના રૂપ થઈ જાય." અહીં શ્રીજી ગોપી ભાવ ધારણ કરે છે, નાયક–નાયિકા સમાન ભાવ ધારણ ન કરે ત્યાં સુધી ચિત્તાસક્તિ અને રસોત્પત્તિ કયાંથી! માટે ભગવાન કહે છે કે "હું ગોપીજન સંધ્યા સમય સુધી" હું સંધ્યા પર્યંત તમારા જ ભાવને ધારણ કરું છું, તમને ઘેર નહિ જવા દઉં, મારી પાસેજ રાખીશ, સ્ત્રી સાથે સ્ત્રી રહે તો એમાં અનુચિત શું છે? વળી, જેના વિરહમાં તન્મય થયો છું તે અનાયાસે જ પ્રાપ્ત થયાં છે. તેમને હવે કેમ જવા દઉં? પ્રભુનો આવો ગૂઢ આશય સમજીને ગોપી પણ પ્રસન્ન થઈને પ્રભુની પ્રશંસા કરે છે, "અહો તમારી બોલવાની ચતુરાઈ કેવી અલૌકિક છે. તમારી વાત ખરી જણાય છે કેમકે અમને પણ તન્મયતાનો એવોજ અનુભવ છે. જ્યારે અમે આપના વિરહમાં આપના રૂપ થઈ જઈએ છીએ તો આપ અમારા રૂપ કેમ ન થાઓ! રસનો સ્વભાવ છે કે બન્ને બાજુ સમાન પ્રભાવ પડે છે! તમારી ચતુરાઈજ નહીં બધુંજ અલૌકિક છે. લૌકિક દૃષ્ટિથી તમારા સ્વરૂપ વિષે વિવાદ કરનારા ભ્રાન્ત છે. અર્થાત્ તમારી અલૌકિક્તા બધા વાદીઓને જીતી લે એવી છે. અલૌકિક ભાવનામાં તર્ક ચાલતા નથી તેથી લૌકિક દૃષ્ટિથી પ્રભુ સંબંધી ચર્ચા કરવા આવે તે પરાસ્ત થાય છે. (આ ગૂઢ આશયો વર્ણવ્યા, પ્રગટ અર્થ તો જુદો જ છે.)

ઉપજાતિ છંદ

વિશ્વાસ ઉત્પન્ન થવા અમોને
જાણી સ્ત્રીઓ એમ વદે મૃગાક્ષિ,
વદ્યા વિના શબ્દ અયિ, તમોને,
વિશેષ આ શ્વાસ થતો શ્રમે રે.

(૧૦૩) **ટીકા :** ગોપીઓ પરસ્પર વાર્તાલાપ કરે છે. એક ગોપી બીજીને કહે છે કે "આ તો આપણે સ્ત્રીઓ છીએ માટે આપણને એમનામાં વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે એવું કહે છે કે હું પણ ગોપી છું.)

આ ઉક્તિમાં ગોપીએ વિશ્વાસ શબ્દ વાપર્યો તેના ઉપર વ્યંગ કરીને પ્રભુ તેનો પ્રત્યુતર આપે છે.

(વિશ્વાસ (૧) ભરોસો, (૨) વિશેષશ્વાસ ચઢવો તે એમ બે અર્થ થાય છે એ ઉપરથી) "અરે, મારા કહ્યા વિના જ શ્રમને લીધે તમારા વિશ્વાસ (વિશેષશ્વાસ) ઉત્પન્ન થઈ રહ્યા છે. એક તો તમે પરમ સુકુમાર છો, માથે દહીંની મટુકીનો ભાર, અને આટલું બધુ ચાલીને આવ્યા. વળી, અહીં કયારનાં ઊભાં રહ્યાં છો, વળી, આટલું બધું બોલો છો. એ બધા શ્રમને લીધે તમને વધુ શ્વાસ ચઢી જ રહ્યો છે. પછી મારે વિશ્વાસ ઉત્પન્ન કરવા કંઈ પણ શા માટે કરવું પડે!

(ગૂઢભાવ–જે રમણસુખ આપવાનું છે તેમાં પણ સ્મર શ્રમને લીધે વિ+શ્વાસ (વિશેષશ્વાસ)નો અનુભવ થવાનો જ છે. અત્યારે વચન બોલીને વિશ્વાસ શા માટે કરાવું, કૃતિ દ્વારા જ કરાવીશ)

ગીત છંદ

અધિક અધિક શું બોલો,
કુલસ્ત્રીઓને વચન આમ, અંગ!
ન સહન કરનારાં પણ,
શું કહીએ અહીં નંદરાયના સુતને!

(૧૦૪) **ટીકા :** હે અમારા અંગરૂપ પ્રભુ, અમારા જેવી કુલીન સ્ત્રીઓ પ્રતિ આમ વધારે વધારે મર્યાદા વિરુદ્ધ કેમ બોલો છો! અમે કોઈનાં આવાં વચન સહન ન કરીએ પણતમે તો રાજાના કુંવર છો! (અંદરનો આશય એ છે કે બીજાનાં આવાં વચન ન સાંભળીએ પણ તમે તો અમારા અંગ જેવા પ્રિય છો, અમારા લાડકવાયા રાજકુમાર છો એટલે તમારાં આવાં વચન પણ અમને પ્રિય લાગે છે, માટે જ સાંભળીએ છીએ.)

(૧૦૫) (અનુષ્ટુપ)

"ગોકુલેશ, જવા ઘેર, સ્ત્રીઓને કેમ ઘો ન શું!"
મૃગાક્ષિઓને વનમાં, અમારું દાન લાગતું.

(૧૦૫) **ટીકા :** હે ગોકુલેશ, આપ સ્ત્રીઓને ઘેર કેમ જવા દેતા નથી? (રાજાનો સ્ત્રીઓ પ્રતિ આવો વર્તાવ ઉચિત નથી) (ગૂઢ અર્થ એ છે કે–આપ આ સ્ત્રીઓને કેમ જવા દેતા નથી. જ્યારે બીજી સ્ત્રીઓ ચાલી જાય અને અંતરંગ સખી માત્ર રહે ત્યારે તમારા મનમાં આવે તેમ કરજો–એટલા માટે "સ્ત્રીઓને" શબ્દ વાપર્યો છે. જો કે આ બધી તેમની જ સખીઓ છે, છતાં આ પ્રથમ સમાગમ હોવાથી લજ્જાવશ બનીને આમ કહે છે.

શ્રીઠાકુરજી કહે છે કે અહીં વૃંદાવનમાં આ સ્ત્રીઓ ઉપર મૃગનયનીઓ ઉપર જ દાન લાગે છે. માટે હું કોઈને જવા દેવાનો નથી. બધું ગોકુળ મારૂં જ છે. એમાં અતરંગ–બહિરંગ એવો કોઈ ભેદ નથી. બધાજ અનુગ્રહ–પાત્ર છે માટે કોઈને ઘેર મોકલવા યોગ્ય નથી. એની શંકાજ ન રાખવી.

કીર્તનમાં આજ ભાવ છે. વ્રજ વૃંદાવન ગિરિ નદી, પશુ પંછી સબ રંગ, ઇનસોં કહા દુરાઈયે પ્યારી રાધા! મેરો અંગ.

(૧૦૬) ન સાંભળ્યું તેવું આ દાન
અહો! તે કહીં કહીં લાગે!
પગમાં સિરમાં, ભુજમાં,
કે અહીં અન્ય, કહોજ અમોને તે.

(૧૦૬) ટીકા : હે પ્રભુ, આપે કહ્યું કે મૃગનયની સ્ત્રીઓ ઉપર અમારું દાન લાગે છે, આવું તો અમે કદી સાંભળ્યું નથી. વેચવાની વસ્તુઓ ઉપર તો દાન લાગે છે પરંતુ એવો દાનનો પ્રકાર વળી કયો છે કે જે સ્ત્રીઓ ઉપર લાગે! અને સ્ત્રીઓના કયાં કયાં અંગ ઉપર લાગે છે તે પણ કહો. પહેલાં તો તમે ગોરસનું દાન માગતા હતા. એ ગોરસ વેચવા જવામાં જે જે અંગો કામમાં લાગે છે તે અંગો ઉપર પણ દાન લાગે છે? પગે ચાલીને માથે મટૂકી મૂકીને, હાથ વડે પકડીને, અમે જઈએ છીએ તેથી આ ત્રણે અંગો ઉપર તે પણ કહો (આંતરિક આશય ગોરસ ઈંદ્રિયોનો રસ, પ્રથમ ગોરસનું દાન માગ્યું ઈન્દ્રિયોનો રસ માગ્યો. તો એ પણ કહો કે કઈ ઈન્દ્રિયોનો રસ જોઈએ છે? ને કઈ ઈન્દ્રિયો ઉપર તમારો હક લાગે છે? કદાચ સર્વની સમક્ષ લજ્જાને લીધે ન કહી શકો તો પછી એકાન્તમાં બતાવજો.

(અનુષ્ટુપ)

પાલવે, કંચુકીએ જે અમારું ગુપ્ત અંતર,
તેમાં, એમ વદી વીર સ્પર્શે જ ઉદ્ધત.

શ્રીજી કહે છે કે સાડીના પાલવ વડે અને કંચુકી વડે આચ્છાદિત કરેલું તમારું ઉરઃ સ્થલ છે ત્યાં-(ત્યાં મારું દાન લાગે છે) આટલું કહીને જ ન અટકતાં, ઉત્સાહપૂર્વક, અરે, જાણે કે ઉદ્ધત બનીને, એમના ઉરઃ સ્થલને સ્પર્શ કરી દીધો. (જુઓ, અહીં દાન લાગે છે! એમ પ્રત્યક્ષ બતાવી દીધું.)

પ્રીતિ વહાં નીતિ નહીં, નીતિ વહાં નહિ પ્રીતિ.
સ્યાનપ અરુ મદ છાક જિમિ, નહીં ઈકત્ર કહું રીતિ.
(સતસૈયા–દયારામભાઈ)

(નીતિમાં શાણપણ અને પ્રીતિમાં મદોન્મત્તતા શાણપણ અને મદમસ્તપણું એકત્ર રહી શકતા નથી. પ્રીતિમાં ઉદ્‌ભટત્વ (ઉદ્ધતપણું સહજ છે) વીર રસનો સ્થાયીભાવ ઉત્સાહ છે. કહી બતાવવા કરતાં કરી બતાવવામાં વિશેષ ઉત્સાહની અપેક્ષા છે, માટે "વીર" શબ્દનો પ્રયોગ થયો છે.

(૧૦૮) પૃથ્વી છંદ

અરે, કુલવતી સ્ત્રીને, અડકતાં શું મર્મસ્થલે,
ન ભીતિ કંઈ ધારતા, સહુ વિસારી "મર્યાદને"
સરોજનયની! કરું પરસ નારીઓને સદા,
સખિ! મુજ કરે કદા વસન સેતુ ઓળંગિયા?

(૧૦૮) ટીકા: ભગવાન વક્ષસ્થલમાં સ્પર્શ કરતાં, શ્રીચંદ્રાવલીજી કૃત્રિમ કોપ ધારણ કરીને કહેવા લાગ્યા: અરરર, કુલવતી સ્ત્રીઓને આમ મર્મસ્થલમાં સ્પર્શતાં તમને જરાકે બીક નથી લાગતી? શું તમે બધી જ મર્યાદા મૂકી દીધી છે? (મર્યાદારૂપી પુલને ઓળંગી ગયા છો?)

શ્રીજી કહે છે કે હે કમલનયની! આવી રીતે તો સદાયે સ્ત્રીઓને સ્પર્શ કરું જ છું? જ્યાં સ્પર્શ કર્યો ત્યાં વસ્ત્રસહિત જ કર્યો છે. અર્થાત્ ખરી રીતે તો વસ્ત્રો દૂર કરીને સર્વ મર્મસ્થાનોમાં સ્પર્શ કરવો જોઇએ તો જ બધી મર્યાદા ઓળંગી કહેવાય. એમ પણ થશે. પરંતુ, તું તો અત્યારથી જ કહે છે કે બધી મર્યાદા ઓળંગી ગયા છો! એ બરાબર નથી.

(૧૦૯) ગીતિ છંદ

કહ્યા છતાં પણ બમણું વર્તન,
ગજ સમ કરે અમર્યાદ!
તુજ વચન હોય જેવું
તેવી મારી કૃતિ દ્વિગુણ થાય!

(૧૦૯) ટીકા: પ્રભુનો ઉત્તર સાંભળી, ચંદ્રાવલીજી કહે છે. "હું ના ના કરું છું છતાં તમે તો મદોન્મત્ત હાથીની જેમ, બમણું અમર્યાદ વર્તન કરી રહ્યા છો, આ શું?

[હાથી જ્યારે મદમસ્ત બનીને વિહરે ત્યારે સરોવરની પાળોને પણ તોડી નાખે છે. એવી રીતે તમે પણ મર્યાદા રૂપી પાળને તોડીને વર્તી રહ્યા છો!]

ત્યારે શ્રીજી કહે છે કે એક તો મારે કરવું છે માટે કરું છું. બીજું તારા કહેવા ઉપર કરવું પડે છે. એટલે આપોઆપ બમણું થઈ જાય છે.

(૧૧૦) ગીતિ છંદ

વચને ચતુર શિરોમણિ,
નંદકુવર જાણતાં અમે તમને
અતિ અનુચિત પણ અહિંયાં,
દધિનું દાન નથી જ સુણ્યું શ્રવણે.

(૧૧૦) ટીકા: પ્રભુની આ વચનચાતુરી જોઈ ને, ચંદ્રાવલીજી કહે છે તમે નંદકુંવર–બોલવામાં તો ચતુરશિરોમણિ છો એ અમે જાણીએ છીએ (રાજાના કુંવર એટલે બોલવામાં ચતુર હોય જ) પરંતુ, જે કદિ પણ સાંભળ્યું નથી એવું ગોરસદાન લેવાનું તમારું કાર્ય તો અતિ અનુચિત છે.

(૧૧૧) વસંતતિલકા

શું નાળિયેર ફલ, અંબુજનેત્ર કિંવા,
પુંગીફલો શું દઈએ મૃગનાભિને વા,
વા અંબરોનું અહીં દાન શું લાગતું કે,
અત્યંત ઉદ્ધત વ્રજેશ વદો તમે તે.

(૧૧૧) ટીકા: હે કમલ–નયન, શું અમે નાળિયેર સોપારી, કસ્તુરી કે રેશમી વસ્ત્રો લઈ ને જઈએ છીએ કે જેના ઉપર દાન (રાજાનો કર) લાગે, હે ગોકુલપાલક અમારી સાથે આવાં ઉદ્ધત વચન બોલો છો તે શું તમને ઉચિત છે? ગોકુલના રક્ષક હોઈને તમારે તો નીતિમાર્ગે ચાલવું જોઈએ. આવી અનીતિ તમને ન શોભે!

(ગૂઢાર્થ એ છે કે તમે અમારા પાલક છો એટલે તમારી આજ્ઞાનું પાલન અમારે કરવું પડશે. વળી શૃંગારરસોચિત જે સામગ્રી જોઈએ તે તો અમારી પાસે છે જ. નાની મોટી વયનાં ગોપીજનનાં રસોદ્દીપક અંગોને સોપારીથી તથા શ્રીફલથી સૂચવે છે. તેના ઉપર (સ્તન ઉપર) મૃગમદલેપન કરેલું છે તે ઉપર રેશમી કંચુકી, સાડી, પણ ધારણ કરેલી છે. ગણાવેલી ચારે વસ્તુઓ છે; આપ તેનો અંગીકાર કરી શકો છો, આ તાત્પર્ય છે.)

(૧૧૨) ગોપીના ગોરસનું દાન,
અમે ગોપીઓ! ગ્રહણ કરતા.
કુલાંગનાઓને તો કે,
તમ બાલક! આમ વચન દાતા?

(૧૧૨) ટીકા: ઉપરનું વચન સાંભળીને, પ્રભુ તેનો ઉત્તર આપે તે પહેલાં, ગોપો વચમાં બોલી જાય છે કે "અમે તો ગોપીના ગોરસનું દાન જ લઈએ છીએ, ગોરસનો અર્થ ઇંદ્રિયરસ પણ થાય છે. આ અર્થમાં લઈને ગોપીજન તેમને બતાવે છે" "હે ગોપ બાલકો, અમને કુલાંગનાઓને આવું વચન કહેનારા તમે કોણ? પ્રભુ તો ચાહે તેમ બોલે. પણ તમને અમારી સાથે આમ બોલવાનો શો અધિકાર છે?

(૧૧૩) લલિત છંદ

વિપિનચરોને જલચરો કહે,
અયિ! તું કેમ ઓ ગોપ અંગને!
હજુ સુધી ન મેં જાણ્યું આપનું
અદ્દ્ભુ રૂપ આ આમ રમ્યશું.

(૧૩૩) ટીકા: હવે, ગોપીને બોલવાની તક આપતાં, પ્રભુ ગોપીજનના વચનનો અર્થ બદલીને જુદોજ ઉત્તર આપે છે. ઉપર ગોપીએ કહ્યું કે

भवन्तः के? (તમે કોણ?) એજ શબ્દોનો બીજો અર્થ થાય છે भवन्तः તમે के=પાણીમાં, અર્થાત્ તમે પાણીમાં છો. એ ઉપરથી પ્રભુ કહે છે કે તમે પાણીમાં રહેનારા છો, આ શું?

પ્રભુની ચતુરાઈ સમજીને ગોપી ઉત્તર આપે છે કે અહોહો! ત્યારે તો આપનું આવું ઉત્તમ સ્વરૂપ હજુ સુધી મેં જાણ્યું જ નહોતું. હવે તમારા કહેવાથી જાણ્યું.

આમ કેમ કહ્યું? પ્રભુ ભક્તોના મનોરથાનુસાર, ભક્તોને પ્રેમથી ભીંજવી દેવા માટે, લીલારૂપી અમૃતજલસમુદ્રમાં સ્થિતિ કરે છે. માટે ગોપીજન કહે છે કે તમારું આવું પ્રેમાર્દ્ર રસાર્દ્ર લીલાયુક્ત સ્વરૂપ છે તે તો મેં હજુ જાણ્યું નહોતું. તમે મારા કથનનો આવો અર્થ કર્યો ત્યારે જાણ્યું કે તમે આવા છો. લીલારસાબ્ધિમાંજ મગ્ન રહેનારા છો.

(૧૧૪) ઉપજાતિ છંદ

નિમિત્ત શું ગોરસનું કર્યું કે
અમૂલ્ય વસ્તુ કંઈ સુંદરી છે,
વક્ષસ્થલે સ્થિત ગુપ્ત રાખે
મારા વિના અન્યનું મારું ના તે.

(૧૧૪) **ટીકા :** પ્રભુ વાત બદલીને કહે છે, હે સુંદરી, તું ગોરસ વેચવાનું તો મિષ કરીને નીકળી છે. પરંતુ, કોઈક અમૂલ્ય એવી બીજી વસ્તુઓ ઉરઃસ્થલમાં છુપાવીને લઈ જાય છે તે શું મને આપવાની નથી? બીજા કોઈ પુરુષ માટે છે?

પ્રજાની મૂલ્યવાન વસ્તુનો અધિકારી તો રાજા છે, છુપાવીને લઈ જાય છે તેની શિક્ષા રૂપે મારે તે દાનના કર તરીકે લઈ લેવી પડશે.

(ભાવાર્થ એ કે હે ગોપીજન, તમે મારા સ્વરૂપને ન જાણો પણ હું તમારા સ્વરૂપને જાણું છું. તમે વેદની શ્રુતિઓ છો, તમારું સર્વાંગ સર્વસ્વ મારે માટે જ છે. બીજા કોઈનું નથી, તેથી જે મારું છે તે હું જ લઈશ. ભલે તમે કંચુકીમાં છુપાવીને, મારાથી ગુપ્ત રાખીને, મને છેતરવા માગતા હો!)

(૧૧૫) ગીતિ

હમેશ વૃંદવનમાં અમે આવીએ છતાં પયોદાન,

કદાપિ નહીં સાંભળિયું, કેમ તમોને અપાય તે આજ.

(૧૧૫) ટીકા : ગોપીજન કહે છે કે "મહારાજ! અમે નિત્ય વૃંદાવનમાં આવીએ છીએ, છતાંય આવું દાન અમે કદાપિ સાંભળ્યું નથી તમે પયોદાન (કે પયોધર દાન) માગો છો તે કેમ કરીને (કેવી રીતે) અપાય એ જ અમને ખબર નથી.

(ગૂઢાર્થ એ છે કે આજે આ નવીન જ અનુગ્રહ છે. હજુ સુધી આવી કૃપા કોઈના ઉપર થઈ સાંભળી નથી, કે સાક્ષાત્ પ્રભુ હક કરીને, માગીને અંગીકાર કરે! એ તો અમારાં ધન્યભાગ્ય છે, પરંતુ આવું દાન આપવામાં અમે અનભિજ્ઞ (અજાણ્યા) છીએ તો કેમ કરીને અપાય?

(૧૧૬) ઉપજાતિ છંદ

અત્યાર સુધી અવિચારી રીતે,
ન આપિયું આ બધું જ તે તે
ગ્રહીશ હું દાન સરોરુહાક્ષિ!
આપીશ તું, લે ક્ષણવાર શાંતિ.

(૧૧૬) ટીકા : હે કમલાક્ષિ, આટલા દિવસપર્યંત, ચોરીછૂપીથી, મારું દાન આપ્યા વિના ધર. (બધામાં મુખ્ય તું છે માટે પ્રથમ તો તારા જ ગોરસનું દાન હું લઈશ. મારા અનુગ્રહની પ્રથમ અધિકારિણી, તું જ છે)

(૧૧૭) શિખરિણી છંદ
ગઈ ગાયો આઘી, પ્રખર ખુરીનાં ચિહ્ન વનમાં,
ન દેખાતાં, હા, હા, ઝપટ ઝટ આવી અહીં બધા
સુણી એવાં વ્હાલાં વચન હરિએ ત્યાં સભય તો
કહ્યું હે હે ગોપો જઈ તરત ગોરક્ષણ કરો.

(૧૧૭) ટીકા : આ સમયે ભગવાંદચ્છાથી જ કેટલાક ગોપો આવીને કહેવા લાગ્યા કે–અરે, આપણી ગાયો ચરતી ચરતી એટલે બધે દૂર નીકળી ગઈ છે કે તેમની ખરીનાં ચિહ્ન પણ દેખાતાં નથી તમે જલદી ચાલો.

ગોપોનું આ વચન પ્રભુને પ્રિય લાગ્યું. તેમણે જાણે કે ભય પામીને પોતાની પાસે ઊભેલા ગોપોને કહ્યું "અરે તમે બધા જલદી જાઓ અને ગાયોને શોધીને લઈ આવો."

(૧૧૮) અનુષ્ટુપ
સર્વ ગોપો જતાં ઇષ્ટ, થયું એમ જ પ્રેષ્ઠને,
અતિ પ્રસન્ન વદિયાં, અતિ પ્રેમાળ, નિર્ભય.

(૧૧૮) ટીકા : આમ કહેવાથી બધા જ ગોપો ગયા, એ ગોપીજનોને બહુ જ ગમી ગયું. પછી તો અત્યંત પ્રેમને લીધે નિર્ભય બનીને અતિશય હર્ષ પામીને, પ્રિયતમને વ્યંગ કરતાં તેઓ કહેવા લાગ્યા.

(૧૧૯) તોટક છંદ
વિપરીત અહો! વ્રજની લલના,
સહુ આપણ ચોર જુઓ બનિયાં.
જનહીન વને પ્રમદા પકડે,
વર સાધુ જુઓ અતિ આપ બને.

કેવી વિપરીત અવળી વાત કરે છે તે તો જુઓ. આપણે બધાં તો ચોર! અને આ નિર્જન વનમાં, યુવાન સ્ત્રીઓને ઘેરીને રોકી રાખનાર આ મોટા શાહુકાર–સાધુપુરુષ, કેવું આશ્ચર્ય!

કહેવાનું એ કે તમે અમને ચોર (ચોરીથી દાન આપ્યા વિના જનારા) કહો છો પરંતુ, અમે તો સજ્જન છીએ અને તમે ગુનેગાર છો!

(આંતરિક ભાવના એ છે કે આપને નિવેદિત કર્યા વિના અમે ગયાં એ ખરેખર ચોરીજ છે પરંતુ તમે સાધુ પુરુષ છો એટલે અમારી ચોરી વિષે બીજા કોઈ જાણે નહિ તેમ, અમને જ અને તે પણ વનમાં એકાન્તમાં કહી રહ્યા છો, એ માટે તમારો ઉપકાર).

(૧૨૦) ગીતિ છંદ

વિપરીત સહુ તમારું,
ધર્મ અમારો ગણાય ન સુનયના!
તમથી દાન ગ્રહવું યોગ્ય,
અમોને જણાય તે તો હા!

(૧૨૦) ટીકા : ઉપર કહ્યું કે "પ્રભુ કેવું વિપરીત બોલે છે "એ 'વિપરીત' શબ્દ પકડીને શ્રીજી ઉત્તર આપે છે કે" હે કમલનયનીઓ, વિપરીત (વિપરીત રમણ) તો તમારું સ્ત્રીઓનું લક્ષણ છે, મારું નહિ, છતાં, તમારા લક્ષણનું મારામાં આરોપણ કરો છો, તે યોગ્ય નથી.

શ્રીજીનાં આ વચન સાંભળી, ચતુરાઈ કરીને પ્રિયાજી બોલ્યાં કે "સારું ત્યારે, તમારા કથન અનુસાર" વિપરીત એ સ્ત્રીઓનું લક્ષણ છે તો દાન લેવા આપવાની બાબતમાં પણ વિપરીત કરવું પડશે. અમે દાન લેનારાં બનીએ અને તમે જ દાન આપો.

ઘણાં તમે છો, પણ એકલો હું,
તેથી અનુકૂલ હવે કરું શું?
દેવું પડે દાન બલિષ્ઠને રે,
વદી ચૂમે એમ શશિમુખીને.

(૧૨૧) ટીકા : પ્રિયાજીના ઉપરના પ્રસ્તાવને વધાવી લેતાં શ્રીજી કહે છે કે "સારું ત્યારે, તમારો એવો આગ્રહ છે કે 'મારે તમને દાનઃ આપવું તો હું દાન આપું. તમે તો ઘણાં છો, હું એકલો છું. તમે બધાં મળીને જબરદસ્તી કરો તો મારેજ દાન આપવું પડેને! તે સિવાય કેવી રીતે છુટાય, પરંતુ મારી પાસે જે છે તે હું આપું છું. એમ જલદી જલદી બોલતાંની **સાથે જ** પ્રિયતમે એ ચંદ્રમુખીને અધરરસદાન દઈ દીધું. (રસાત્મક પ્રભુપાસે જે લોભાત્મક અધરામૃત હતું તેનું જ દાન દઈ દીધું. પોતે **રસૌવૈસઃ** છે. જેને પોતાના લાવણ્યરસામૃતનું દાન કરે છે તેનું ચિત્ત હરણ કરી લે છે. અહીં પણ એમ જ કર્યું.

(૧૨૨) અનુષ્ટુપ

કેમ આ કુલસ્ત્રીને, કરો શૂન્ય અરણ્યમાં,
આમ આમ વદી એમ, નખ મુખે-ઉરે દીધા.

(૧૨૨) ટીકા : આમ કરવાથી, જાણે કે કુપિત થયાં હોય તેમ પ્રિયાજી કહેવા લાગ્યાં કે "અરે, આ નિર્જન વનમાં કુલસ્ત્રીને આવું કેમ કરો છો? ત્યારે "પ્રભુ કહે જો, આમ, આમ", એમ કહેતાં કહેતાં ફરી એ પ્રમાણે કરવા લાગ્યા, ઉપરાંત ગકઝોરી કરતાં, પ્રિયાજીના કપોલ ઉપર તથા ઉરઃસ્થલ ઉપર પોતાનાં નખચિહ્ન પણ લગાડી દીધાં.

(૧૨૩) વસંતતિલકા

રે આપનાં મુખથી રમ્ય સુગંધીદાર,
તાંબૂલ ચિહ્નિત થયાં શુભ ગાલ હાલ,
સૌન્દર્યધામ નખચિહ્ન ઉરે જણાય,
તો શી રીતે નિજ, ઉદાર! ગૃહે જવાય?

અંગ, હે ઉદારવર, હવે હું ઘેર કેવી રીતે જઈ શકીશ? આપના શ્રીમુખની અદ્‌ભુત સુગંધ મારા મુખ ઉપર લાગી ગઈ છે. મારા બંને કપોલ ઉપર આપના ચર્વિત તાંબૂલ રસની રેખાઓ લાગી છે, મારું ઉરઃસ્થલ આપના નખચિહ્નોથી પરમ સુંદર બની ગયું છે, અરેરે, આ બધી નિશાનીઓ લઈને હું મારે ઘેર કેવી રીતે જઈશ! તે તો બતાવો.

(૧૨૪) શિખરિણી

શુંથી તૂટી માલા, કયમ વલયમાં વિરલતા?
થયું શાને મોડું, દધિકલશ છે કાં શું થયું આ?
પૂછે આવું ક્રોધે ગુરુજન સમીપે પ્રિયજનો,
કહું શું સ્ત્રીઓને પરવશ સદા જીવન-વિધિ.

(૧૨૪) ટીકા : હે પ્રિયતમ, ઘેર જાઉં ત્યારે, મને કોઈ, મારાં વડીલોની સમક્ષ, અચાનક એવું પૂછી બેસે કે "અરે, તારો હાર કેમ તૂટી ગયો? કંકણ કયાં નંદવાઈ ગયાં? આટલી બધી વાર કેમ લાગી? દહીની મટૂકી કયાં છે? એનો શો ઉત્તર આપવો? સ્ત્રીઓનું જીવન પરવશ, વડીલોને અધીન છે, પ્રભુ, પરતંત્ર જીવનમાં સ્વચ્છંદ વિચરવાનું કયાંથી હોય?

(૧૨૫) ગીતિ છંદ

રમણીઓનું જીવન પરવશ છે
પણ નહિ ગોપીજનનું,
મુજ અધીન જ તે તો, પ્રિય સખિ!
તુજને દીસે હવે ભય શું!

(૧૨૫) ટીકા :-શ્રીજી કહે છે, સ્ત્રીઓનું જીવન પરાધીન છે એ વાત ખરી. પરંતુ ગોપીજનોનું જીવન નહિ. તે તો અમને અધીન છે, તેને વળી કોનો ડર હોય? હે પ્રિય સખી તું ગોપીજનોમાં શિરોમણી થઇને ભય રાખે છે તે ઉચિત નથી.

ગોકુલ સકલ તમારે શરણ,
એક વળી વિશેષ વ્રજવનિતા,
પરંતુ અહિં કો તમને કંઈક કહે વચન,
અમે એમ બ્હીતાં.

(૧૨૬) ટીકા :-પ્રિયાજી કહે છે "હે પ્રભુ સમગ્ર ગોકુલ તમારું જ છે તમારે જ શરણે છે. તેમાંય ગોપીજન તો વિશેષ પ્રકારે, એટલે અમે તો આપને જ અધીન છીએ. એ ખરું કે અમે ગુરુજનોથી ન ડરીએ પણ અમારા હૃદયમાં ખરેખરો ભય તો જુદો જ છે, અને તે એ કે આ પ્રસંગ જાણી જઇને આપના સ્વરૂપને નહિ જાણનાર એવા કોઈ અમને આડુંઅવળું કહે એનો અમને ડર છે. અમારે માટે ભલે કહે પણ આપના માટે કોઈ કંઈ પણ બોલે તે અમે કેમ સહન કરી શકીએ? બસ, આજ પરમકાષ્ઠાપન્ન સ્નેહ-સિદ્ધાંત છે કે પોતે પોતાના માટે બધું સહન કરી શકે પણ પોતાના પ્રાણપ્રિયને કોઈ પ્રકારે શ્રમ થાય તે સહન ન કરી શકે. સ્નેહમાર્ગનું આ પ્રધાન લક્ષણ છે.

(સમગ્ર ગોકુલ તમારું જ છે, એમ કહ્યું, શ્રીમદ્‌ભાગવતમાં વચન છે કે **तस्मान्मच्छरणं गोष्ठं मन्नाथं मत्परायणम्** ઇન્દ્રવૃષ્ટિ પ્રસંગે પ્રભુએ કહ્યું છે કે વ્રજ મારે શરણે છે, હું એનો નાથ છું, વ્રજ મત્પરાયણ હોવાથી હું જ એનું રક્ષણ કરીશ.

ગોપીજનો વળી વિશેષ પ્રકારે પ્રભુનાં છે. શ્રીજીએ જેમને માટે પોતાનું અગ્રણીત્વ પ્રગટ કર્યું છે, જે પ્રભુમાં જ આસકત છે, ઉદ્ધવજી જેવાએ જેમની ભરપૂર પ્રશંસા કરી છે, તે ગોપીજનો લૌકિક સ્ત્રીઓ નથી, એ તો નિઃશંક વાત છે.

(૧૨૭) અનુષ્ટુપ

હરિના મનમાં પેઠી, વાણી પ્રેમવશ બન્યા,
ન બહાર જવા શકત અંતરો પ્રેમ પુરનાં.

કોઈ કંઈ કહી જાય, અમને એની ભીતી છે. અમાર માટે અમે ડરતાં નથી." આ વાણી શ્રીજીના અંતરમાં એવી તો ઊતરી ગઈ કે આપ પ્રેમવશ બની ગયા; મૌન બની ગયા, કંઈપણ ઉત્તર આપી શકયા નહિ. પ્રિયાજીનો આવો અદ્‌ભુત સ્નેહ જોઈને પોતે અધીન બની ગયા.

શ્રીજીના હૃદયમાં પ્રિયાજી વિષયક રસનો જે પ્રેમપ્રવાહ વહી રહ્યો હતો તેમાં વાણીરૂપી રસ ઉમેરાતાં પ્રેમરસનું પૂર ચઢયું અને જેમ જલ-પ્રવાહમાં પડેલી વસ્તુ બહાર ન નીકળી શકે તેમ આ પ્રેમપ્રવાહમાં પડેલી વાણી બહાર નીકળવાને અસમર્થ બની ગઈ અર્થાત્ ભાવપરવશતાને લીધે પોતે મૌન બની ગયા. કંઈ પણ ઉતર આપી શકયા નહિ.

वशीकुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा! તદનુસાર પ્રિયાજીને વશ બની રહ્યા.

બીજો ભાવ એ છે કે પ્રિયાજીની પરમ પ્રેમ-ભાવનાને પ્રિયતમે પોતાના હૃદયમાં જ રાખી. પરમ પ્રેમાસ્પદ વ્રજરત્નાઓના સ્વરૂપ તથા ભાવને બીજાઓની સમક્ષ પ્રભુ પ્રગટ કરતા નથી. માટે વાણી બહાર નીકળવાને અસમર્થ બની ગઈ એમ કહ્યું.

(૧૨૮) ગીતિ છંદ

નિમિત્ત કેમ વદો નહિ
કરો પ્રગટ ભાવ આપ કેમ નહિ
ન કોઈ પણ અહીં સુણતું, કેમ નાથ!
ભય અંતર થાય ગહી!

(૨૨૮) ટીકા :-શ્રીપ્રિયાજી પ્રભુના મનની અવસ્થા જાણી ગયાં અને કહેવા લાગ્યાં, "હે પ્રિય, આપ દાન લેવાનું નિમિત્ત મિષ બતાવીને ખરેખર મનમાં જે છે તે કેમ પ્રગટ કરતાં નથી? આપને કોનો ભય છે? અહીં બીજું તો કોઈ સાંભળનાર છે નહિ.

કૃશાંગિ ! દધિભાંડને, તુજ શિરે જ નિહાળવા
ન હું અહા સમર્થ છું, વિપુલ ભારભારે અને
અહીં, મધુરી ! મૂક ને ક્ષણ વિરામ લે સાથમાં
કૃતાર્થ બનશે. રૂડા મલયવાયુના વાયરા.

(૧૯૨)ટીકા :–ભક્ત પ્રભુનું સુખ વિચારે છે અને પ્રભુ ભક્તનું સુખ વિચારે છે. સ્નેહ પરસ્પર જ હોય છે. શ્રીપ્રિયાજીએ પોતાનો અંતરભાવ પ્રિયતમને જતાવ્યો. ઉપલક રીતે થતો દાનનો ઝગડો મટી ગયો. હવે, પ્રિયતમના હૃદયનો પ્રેમ પ્રિયાજીનું સુખ વિચારવામાં પરિણમે છે. પોતે કહે છે કે–

હે કૃશાંગિ, તારા મસ્તક ઉપર આ દધિભાંડનો ભાર છે તે હું જોઈ શકતો નથી. તું કૃશાંગી છે (કૃશ અંગવાળી પાતળી) અને તારા મસ્તક ઉપર આ દહીંની મટુકીનો ભાર લઈને ક્યારની ઊભી રહી છે. તને કેટલો શ્રમ પડતો હશે ! મારાથી હવે આ સહન થતું નથી. માટે હે પ્રિયે મટુકી નીચે ઉતાર અને થોડીવાર વિશ્રાંતિ લે. આ મલયપર્વત ઉપરથી આવતો શીતલ સુગંધયુક્ત પવન મંદ મંદ વાઈ રહ્યો છે, તેને કૃતાર્થ કર. (તારો શ્રમ દૂર કરવાની સેવા કરીને એ પવન કૃતાર્થ–સાર્થક થશે, ધન્ય બની જશે.)

બીજો ભાવ એ કે, પ્રિયે તું આવી રસરૂપ છે, તારા ઉપર વળી બીજા રસની (ગોરસની) સ્થિતિ કેવી ? શકટભંજનના પ્રસંગમાં, શ્રીસુબોધિનીમાં વર્ણવ્યું છે કે ગાડાની નીચે અતિ રસરૂપ પ્રભુ પોઢયા હતા અને ગાડાની ઉપર ગોરસ ભરેલાં પાત્રો મૂક્યાં હતાં. પરમ રસ ઉપર વળી બીજા રસની સ્થિતિ કેવી ! માટે પ્રભુએ ગાડાને ભાંગી નાંખ્યું.

અહીં પણ રસરૂપ પ્રિયાજીની ઉપર ગોરસનો ભાર સહન ન થવાથી, પ્રભુ આગળ ઉપર એ મટુકી ફોડી નાંખશે.

કુસુમ મૃદુ આશોભી નાથ, ઉદાર ઉરસ્થલે
તમ વસન આ તેને તો, ના અમોથી સહાય રે,
ક્ષણભર અમારા હસ્તોમાં કરો વ્રજગોપીનાં
નયન મીનના વારિ છો, નાથ આપ શોભિતા.

(૧૩૦) ટીકા :–શ્રીજીએ પ્રિયાજીનું સુખ વિચાર્યું પરંતુ શ્રીજી તો અત્યંત સુકુમાર છે, એ ભાવના ભક્તોની છે. એ ભાવનાથી પ્રેરાઈને પ્રિયાજી કહે છે. બીજું પ્રિયતમના આવરણરહિત વક્ષસ્થલના સૌંદર્યનું નેત્રો દ્વારા પાન કરવાનું પણ કહે છે. હે પુષ્પથી પણ સુકોમળ અંગવાળા નાથ આપ સુંદર અને સુકુમાર છો. આપના વક્ષસ્થલ ઉપર જે વસ્ત્ર ધરેલું છે તેનો પણ આપને ભાર લાગતો હશે. માટે એ વસ્ત્ર ઉતારીને થોડીવાર અમારા હાથમાં આપી દો. જેમ માછલાને નીર વહાલું લાગે તેવું અમને વ્રજાંગનાઓને આપનું સ્વરૂપ પ્રિય લાગે છે. જેમ મચ્છ પોતાની અને જલની વચ્ચે કોઈ અંતરાય આવે તો સહી ન શકે, તેમ અમારાં નેત્રરૂપી મીન, અમારાં નેત્રો આપના નિરાવરણ ઉરસ્થલને નિહાળવા આતુર છે. આલિંગનાદિના અમારા સકલ મનોરથો પૂર્ણ કરનાર આપનું આ અતિ ઉદાર વક્ષસ્થલ છે. એ સહજ સુંદર પણ છે. વસ્ત્ર તેના સૌંદર્યને ઢાંકે છે. **वास च्छद्‌मत्र पीतम्** । પીતાંબર વેદરૂપી વસ્ત્રને દૂર કરીને, વેદમર્યાદાને અલગ કરીને, શુદ્ધ પુષ્ટિરસાત્મક સ્વરૂપે કરીને આપ અમને સુખદાન કરો, એ આંતરિક ભાવ છે.

રાસપંચાધ્યાયીમાં '**भिन्न सेतुः**' એવું પ્રભુનું વિશેષણ છે. ત્યાં સુબોધિનીજીમાં વર્ણવ્યું છે કે પ્રભુએ લોકવેદની મર્યાદા તોડીને ગોપીજનોના મનોરથ પૂર્ણ કર્યા છે.

આપ અતિ સુંદર છો **यत्राकृतिस्तत्र गुणा वसन्ति** (જ્યાં સૌંદર્ય છે ત્યાં ગુણ પણ વસે છે.) એ ન્યાયે આપ જેવા સુંદર છો એવા રસમાર્ગના જ્ઞાતા પણ છો જ. માટે તો અમે આ વિનંતી કરીએ છીએ.

(૧૩૧) ભુજંગપ્રયાત છંદ

ઉતારી જ આ પાત્ર તારું દધિનું,
સરોજાક્ષિ! દે દાન તું શીઘ્ર મારું,
તમારું વ્રજેશ પ્રભુ વસ્ત્ર તેને,
તમારી શું આજ્ઞા થકી આપું કોને ?

(૧૩૦) ટીકા :–આગળના શ્લોકમાં શ્રીપ્રિયાજીએ જે કહ્યું (વસ્ત્ર ઉતારી આપવાનું) તેનો ઉત્તર ન આપતાં, શ્રીજી તો પોતાની જ વાત ફરી કહે છે કે "હે કમલનયની તું આ તારી ગોરસની મટુકી ઉતાર અને મારું દાન જલદી આપ." પરંતુ ચંદ્રાવલીજી, શ્રીજીના વચનને ફેરવીને, પરિહાસમાં જુદો જ અર્થ ઘટાવીને ઉત્તર આપે છે :– **त्वम् एतद् वासः उतारय, कस्यचिद् देहि । स्वं पयोभाजनं च मह्यम् देहि ॥**) અર્થાત્ તું મારું વસ્ત્ર ઉતારી લે તે કોઇને આપ અને તારા ગોરસનું પાત્ર મને આપ"—આવો અર્થ કરીને પ્રિયાજી કહે છે કે : હે વ્રજેશ, તમારી આજ્ઞાથી તમારું પીતાંબર ઉતારીને કઈ સખીને આપું ? આ તમે શું કહો છો ? તમારું બોલવાનું અસંગત છે. તમારું વસ્ત્ર બીજાને આપું અને મારું ગોરસ પાત્ર તમને આપું ? આ શી વાત છે ? આમાં તો બદલો પણ ન થયો ? આ કેવી વિચિત્ર વાત કરો છો ?

(૧૩૨) ઉપજાતિ છંદ

શિરસ્થ ધારી દધિપાત્ર હસ્તે,
પિયુ સમીપે, કહું વાત કોને ?
'ભાંગેજ આ' એમ મુખે વદંતા,
પાડયું ધરામાં દધિ–પાત્રને ત્યાં.

(૧૩૨) ટીકા :–ઉપરની મશ્કરીની વાત સાંભ-

મસ્તક ઉપરથી મટુકી ઉતારી લે છે. આ જોઈ શ્રીપ્રિયાજી કહે છે કે "અરે પ્રભુએ પોતે મારી મટુકી ઉતારી, હાથમાં લઈને મારી સામે ઊભા છે. હવે મારે ફરિયાદ પણ કોને કરવી ? કેવી રીતે કરવી ? જેની પાસે ફરિયાદ કરી શકાય તે પોતે જ પારકું પડાવી લેવાનું કાર્ય કરી રહ્યા છે ! હવે કોને કહેવું ?" એમ કહેતામાં તો શ્રીજીએ "જો, આ તારી મટુકી ફોડું છું" એમ બોલતાં બોલતાં, મટુકીને ભોંય પર પછાડીને ભાંગી નાખી.

રખેને પ્રિયાજી ફરી મસ્તક ઉપર મૂકે, તેમને ભાર લાગે, પોતે સ્નેહવશ થઈ એ જોઈ શકે નહિ, એટલે મટુકી જ ફોડી નાખી. પ્રિયાજીને અત્યાર સુધી શ્રમ કરાવનાર એ મટુકી ઉપર પ્રિયતમને રીસ પણ ચઢી હોય ને ! એની જાણે કે એ મટુકીને શિક્ષા કરી !

(૧૩૩) સ્રગ્ધરા છંદ

તેવે ચંદ્રાવલીએ નિજ પ્રિયતમને, યુગ્મ હાથે ગ્રહીને,
બોલ્યા એવું ઝપાટે, વ્રજ જઈ સઘળું આવ
વૃત્તાન્ત કહીને !
ન આવી શકશે તે, તુજ સમીપ હવે, એમ
ઔદ્ધત્ય વાળી,
સુણીને એક ચાલી ન અધરરસને યોગ્ય એ
તો વ્રજે રી.

(૧૩૩) ટીકા : પરંતુ પ્રિયાજીએ તો પોતાની મટુકી ફોડનાર ઉપર રીસ કરી. એમને બે હાથે પકડયા અને કોઈક સખીને સંબોધીને કહેવા લાગ્યા, અલી એ તું જલદી વ્રજમાં (ગામમાં)જા. આપણને પજવી રહ્યા છે તેની ફરિયાદ કર. હવે તને રોકવાનો હું રાખીશ નહિ. મેં બરાબર પકડયા છે. તું હવે વ્રજમાં જા.

આ વચન સાંભળીને, પેલી ગોપી જતી રહી કેમકે એ ગોપી પ્રભુના અધરરસની અધિકારિણી

દેખરેખ રાખવા માટે સાથે મોકલી હતી (કે માર્ગમાં શું કરે છે, ક્યાં જાય છે. વિ.) તેથી અંતરાયરૂપ હતી. ભગવન્મિલનનો મનોરથ કરીને એ આવી ન હતી રમણાત્મક માર્ગની એ અધિકારિણી ન હતી.

જેનો જેવો અધિકાર તેવું જ ફલ તેને પ્રાપ્ત થાય છે. રાસ વખતે અંતરગૃહગતાઓને પ્રભુ પાસે જતાં રોકવામાં આવી ત્યારે દેહ છોડીને ભગવલ્લીલામાં પ્રાપ્ત થઇ હતી, એમનો દેહ નહિ પણ આત્મા લીલાનો અધિકારી હતો. કેટલીક ગોપીઓ રાસ પછી ઘેર પાછી આવી છે અને કુરુક્ષેત્રમાં સિદ્ધિને પ્રાપ્ત થઈ છે. એ ઉપરની ગોપીઓ કરતાં મંદ અધિકારિણી છે, ઋષિપત્નીઓને ભોજન પછી પ્રભુએ કહ્યું કે હવે તમે ઘેર જાઓ". તેમણે એક વાર ના કહી પણ પછી માની ગયાં અને ઘેર ગયાં. એમનો એટલો અધિકાર હતો. માટે અધિકાર મુખ્ય છે.

પ્રિયાજીએ શ્રીજીને ઉભય હસ્ત વડે પકડ્યા તે સ્નેહયુક્ત સ્પર્શસુખ માટે જ હતું. પરંતુ, પેલી ગોપીઓ પાસે તો મિષમાત્ર રજૂ કર્યું છે, પ્રિયાજીની એ ચતુરાઇ છે.

(૧૩૪) ઉપજાતિ છંદ

મેં ધારી એને કમલાક્ષી કેવા
મને ગ્રહ્યો છે; વદ તત્ત્વ તું આ,
સમાનમાં નાગર ! શો વિરોધ,
નીવિ તથા પીત દુકુલમિત.

(૧૩૪)ટીકા : પછી શ્રીજી, પોતાની પાસે ઊભેલી કોઈ અંતરંગ સખીને પૂછે છે કે "હે કમલાક્ષી તુ સાચું કહે આ ચંદ્રાવલીએ મને પકડ્યો છે કે મેં એને પકડી છે ? ગતિ રોકાઈ જાય એને પકડ્યું કહેવાય તો એને પોતાના રૂપગુણલાવણ્ય મટુકી ફોડીને રોકી રાખી છે? આ બેમાંથી ખરું શું છે !"

ચતુર સખી, વચલો રસ્તો કાઢતાં વાતને રસમય ઝોક આપતાં બોલી કે "તમારા બેમાં જુદાઈ છે કે આવો વિચાર કરવો પડે ? તમે બન્ને એક જ છો. સંશ્લિષ્ટ થઈને એકરૂપ બની ગયાં છો. જરા યે વિરોધ છે ક્યાં ? હા, જુદાઈ કરાવનાર બે જ વસ્તુઓ છે ખરી ! આપનું પીતાંબર અને પ્રિયાજીની નીવી. આ બે જ જુદાઈ કરાવી રહ્યાં છે. આપ જ વિચારી જુઓ સર્વાંગ સંબંધમાં આ બે જુદાઈ કરાવનાર છે કે નહિ ?

(૧૩૫) અનુષ્ટુપ

તું જ મધ્યસ્થ થા આલિ, અમો ઉભય વાદીની,
જ્યાં ન અંતર તંતુનો,ત્યાં મારી ક્યાં સ્થિતિ થતી ?

(૧૩૫) ટીકા –શ્રીજી એજ સખીને કહે છે, "એમ નહિ, અમે તો વાદી–પ્રતિવાદી છીએ. તું અમારી મધ્યસ્થ બન.". (મધ્યસ્થ વચમાં રહીને ન્યાય આપનારી.) આ સાંભળીને પરમ ચતુર સખી, 'મધ્યસ્થ'ના પદ પ્રમાણે અર્થ કરીને, રસમય ઉત્તર આપે છે "અરેરે, એક તાંતણો રહી શકે એટલી તો જગ્યા નથી, ત્યાં હું આખી તમારી મધ્યસ્થમાં કેવી રીતે સ્થિત થઈ શકું ?

(૧૩૬) ગીતિ છંદ

ખિન્ન થાય સજની આ,
તમ તનુ સંગમ તણી સુભગ ! આશે,
મન રંજન અતિ એનું કરો,
ધીરજ વગરની બનેલી છે.

(૧૩૬) ટીકા :–સખીનાં આ ચાતુર્યપૂર્ણ કહેવા લાગ્યાં "હે સુભગ, આ સખીને આપના અંગસંગની પ્રબળ ઇચ્છા થઈ છે. એ પૂરી ન થવાથી એનું મન ખિન્ન થયું છે. એની ધીરજ ખૂટી ગઈ છે. તો આપ એનું મનરંજન કરો. સખીએ પ્રિયાજીના આલિંગન ઉપર વ્યંગકટાક્ષ કર્યો, તેનો અર્થ પ્રિયાજીએ એવો ઘટાવ્યો કે એને પોતાને આવા સુખની ઇચ્છા થઇ છે. માટે એને આવી વાત કરવાની સૂઝે છે. પોતાના મનમાં હોય તે બીજાને દેખાય છે.

(૧૩૭) ગીતિ છંદ

તુજ સંગ આવ્યાનું ફલ સખિ
પ્રગટ શું થયું અમને ?
નિજ સખી બીજીને પણ કરવા
અલિ ઉરમાં શું વાંછે ?

(૧૩૭) ટીકા : ચતુર સખી આવો આરોપ સાંભળીને બેસી રહે એવી ન હતી. એ બોલી, "સખી, તારી સાથે આવ્યાનું આવું ફળ તું મને આપે છે ? (સારી સોબત જાણીને હું તારી સાથે આવી અને તું તો આવી નીકળી તે પણ ઠીક, પરંતુ તું બીજાને પણ તારા જેવી કરવા ઇચ્છે છે ?

(ગૂઢાર્થ એ કે પ્રિયાજીના વચનથી સખી મનમાં તો પ્રસન્ન છે. મોટા ભકતના સંગ દ્વારા જ રસાત્મક પૂર્ણ પુરુષોત્તમનું સુખ પ્રાપ્ત થાય છે એ મનમાં જાણે છે, પણ બીજા સમયથી મનોભાવને છુપાવવા તથા આવા રસાર્દ્ર વચનો દ્વારા રસ વૃદ્ધિ કરવા, આ રીતે મુખથી કહી બતાવે છે.

(૧૩૮ થી ૧૪૦) અનુષ્ટુપ છંદ

તેવે હર્ષે નિજ સ્પર્શ થવા કર પ્રસારતા
તે પ્રત્યે નવ પ્રેમાર્દ્રવદને વદતાં પ્રિય.

(૧૩૮થી થી ૧૪૦) ટીકા–પછી

પોતાનો શ્રીહસ્ત પ્રસાર્યો ત્યારે ગોપીજનોના રેશમી ફૂલો ભરેલો મનોહર પાલવ પ્રિયાજીની કટિના નીચેના ભાગ આગળ આવી રહેલો છે તેના ઉપર નખચંદ્રનો પ્રકાશ પડવાથી વિશેષ દીપ્તિમાન લાગે છે.

કામદેવને વસવાના લત્તાગૃહ આગળ જાણે કે પુષ્પોનું તોરણ બાંધ્યું હોય એવો એ પાલવ દેખાય છે.

(૧૪૧) હરિગીત છંદ

મદને મધુર મુખચંદ્ર ચંચલ તારલા લોચન લાગે,
મૃગનયનીઓને મન મનોજ્ઞ કટાક્ષમય અવલોકવે,
નવ પ્રેમ આર્દ્ર મીંચેલ કંઈ નયનાંબુજોએ, એ બધાં,
નિહાળતાં અનિમેષથી અતિ સ્થિર અબળાઓ રહ્યાં.

(૧૪૧) ટીકા : શ્રીજીનો મુખચંદ્ર કામદેવના જેવો મનોહર (કામભાવથી યુકત શોભી રહેલ છે, નેત્રની કીકીઓ ચપલ બની રહી છે. (ચપલતાપૂર્વક પ્રિયાજીના અંગો ઉપર ફરી રહી છે.) શ્રીજી કોઈક સૂચક સ્મિતથી (કામેચ્છાનું સૂચન હાસ્યથી) તેમની સામું જોઇ રહ્યા છે.

આવું પ્રિયનું સ્વરૂપ, મૃગનયનીઓને અત્યંત મનોહર લાગે છે. આ મનોહર સ્વરૂપ નીરખતાં એમનું મન હરાઈ ગયું છે. એમના નેત્રમાં કોઈક નવીન પ્રેમરસ ઝળકી રહ્યો છે. ભાવવશ બની, અર્ધાં મિંચાયેલા નેત્રકમલ વડે મટકું પણ માર્યા સિવાય એ અબલાઓ પ્રિયતમની સામે ધારી ધારીને એકીટસે જોતાં ત્યાં જ સ્થિર થઈ ગયાં છે. જાણે કે ચિત્રમાં ચીતરેલી પૂતળીઓ ન હોય ! (અહીં કાવ્યશાસ્ત્રનો 'સ્તંભ' નામનો સાત્ત્વિક ભાવ વર્ણવ્યો છે.)

(૧૪૨) ગીતિ છંદ

લોકત્રયમાં પણ કો સુભગા નારી,
બને ન અતિ મુગ્ધા !

(૧૪૨) ટીકા : હે સખી તું જ કહે કે ત્રણે લોકમાં એવી કઈ સુભગ નારી હશે કે જે શ્રીવ્રજવરનું આવું કામ–મનોહર મુખકમલ નિહાળીને, એમનાં રસયુક્ત વચનો શ્રવણ કરીને, અત્યંત મુગ્ધ ન બની જાય ! અર્થાત કોઈજ નહિ. ત્રણે લોકમાં એવી કોઈ રસિક યુવતી હોઈ શકે જ નહિ કે જે આવા સ્વરૂપ ઉપર મુગ્ધ ન થઈ જાય !

(૧૪૩) શાર્દૂલવિક્રીડિત છંદ

સાંધી ભ્રધનુંપે કટાક્ષશરથી, ભાગી ગઈ પૂર્વથી,
તેથી દૂર જવાય ના કયમ કરી. નિહાળી પાછી ફરી
સેનાઓ લડતી અનંગ વીરની, શું ગોપીઓ તે સમે
વાંકા કંઠ કરી જુએ જ હરિને અધીન સર્વે કરે.

(૧૪૩) ટીકા : હે સખી, એ ગોપીઓ તે વખતે કેવી દેખાય છે ? જાણે કે કામદેવની સેના ન હોય ! કામદેવ સ્ત્રીઓ દ્વારા પુરુષ ઉપર વિજય મેળવે છે માટે સ્ત્રીસમૂહ એજ કામદેવની સેનાને લઈને લડવા આવ્યો. શ્રીઠાકુરજીએ ભ્રમરરૂપી ધનુષ્યમાં કટાક્ષરૂપીબાણો ચઢાવીને મારતાં એ સેના ભાગી ગઈ હોય પણ એ બાણોથી બચવા કોઈ ઉપાય નહિ હોવાથી જાણે કે સેના પાછી ફરી હોય અને સામું યુદ્ધ આપવા માટે જાણે વાંકા કંઠ કરીને (બરાબર તાકીને) પોતાને અધીન કરી લીધા હોય એવી એ ગોપીઓ એ સમયે દેખાય છે.

(૧) પ્રથમ પ્રભુના કટાક્ષબાણોથી સ્ત્રીઓ મોહિત થયેલી છે. હારેલી છે (૨) જેમ જીતનાર પક્ષ હારનારી સેનાનો પીછો પકડે તેને છોડે નહિ તેમ આ સેના ભાગી જવા છતાં બચવાનો માર્ગ જોતી નથી કેમકે પ્રભુના કટાક્ષબાણો એમના અંતઃપુરમાં ખૂંપી રહ્યાં છે તેથી તે પાછી ફરે છે.

બાણો વડે પ્રભુને જીતી લે છે અને પોતાને અધીન બનાવી દે છે. આશ્લોક "સુરત સંગ્રામ" શબ્દની સાર્થકતા સૂચવે છે.

(૧૪૪) ગીતિ છંદ

તે સમયે વ્રજવરનું પ્રગટ નિરીક્ષણ
અલિ ! પ્રિયાજનમાં
મોહન–માનમિશ્રિત અવનવા પ્રેમને
પૂર્ણ પ્રગટ કરતા.

સખી તે સમયે પ્રિયતમે ગોપીજનો પ્રતિ એવું ચિતવન કર્યું (કટાક્ષયુક્ત દષ્ટિપાત કર્યો) કે જેને લીધે ગોપીજનોના મનમાં મોહ અને માનમિશ્રિત કોઇક અનિર્વચનીય ભાવ પ્રગટ થયો.

(પ્રિયની ચિતવનથી ગોપીજનોના હૃદયમાં એવો સંમોહ પ્રગટ થયો કે જેથી એ પ્રભુને સામા મોહિત કરી શકી. એ પ્રભુનો જ અનુગ્રહ છે નહિ તો પ્રભુને મોહિત કરવાનું સામર્થ્ય ભકતોમાં કયાંથી હોય ? વળી માન પ્રગટ થયું કે પ્રિયતમ અમારી સામે આવા અસાધારણ પ્રેમથી જોઈ રહ્યા છે, અમારા અહોભાગ્ય છે ! અને પછી તો ગોપીઓ ભગવદ્રૂપ બની ગઈ.

(૧૪૫) ગીતિ

નીલ સુધારસ સાગર પર,
ગોપીજન દગ સરિતા ભળતાં,
પ્રભુ સ્વરૂપ થવાથી ઐક્ય પામતાં
થયાં શું ! તેહ તદા.

(૧૪૫) ગોપીઓ ભગવદ્રૂપ બની ગઈ, એ કેવી રીતે ? જેમ ગંગાજી સમુદ્રમાં મળી જાય ત્યારે નામ અને રૂપ બન્ને બદલાઈ જાય છે. ત્યાં એ ગંગા કહેવાતી નથી અને શ્વેત જલ શ્યામ બની જાય છે. એવી રીતે અહીં શ્યામ અમૃત સમુદ્રરૂપ

સ્વરૂપમાં,ગોપીજનોના શ્યામ નેત્રના કટાક્ષો એક જ વર્ણના હોવાથી એકરૂપ બની ગયાં અને તેનું સારૂપ્ય સિદ્ધ થયું)નેત્રના કટાક્ષો દ્વારા ગોપીજનોની ચિત્તવૃત્તિ પણ પ્રભુના સ્વરૂપમાં એકરૂપ બની ગઈ, અભેદ સિદ્ધ થયો, પોતાના સ્વરૂપને જ ભૂલી ગઈ, પ્રભુમાં જ લીન થઈ ગઈ. આજ પ્રેમ–લક્ષણા ભક્તિમાર્ગની માનસી સેવા **चेतस्तत्प्रवणं सेवा** ગોપીજનોને સિદ્ધ હતી. તાનાવિદન....... (ભા. એ. સ્કંધ) (અર્થ : હે ઉદ્ધવ મારામાં જ છે એવી એ ગોપીઓ, પોતાના ઈહલોક અને પરલોકને પણ ભૂલી ગઈ છે, જેવું યોગીનું સમાધિ દશામાં થાય છે. જેવું નદીનું નામ રૂપ સમુદ્રમાં બદલાઇ જાય છે એવું ગોપીજનોનું તન્મયતા થવાથી થયું છે.

इयमेव पराभक्ति मानसीत्यभिधीयते ।
एतत्सिद्धौ पुनः किंचित्कर्तव्यं नावशिष्यते ॥

આજ પરાભક્તિ માનસીના પ્રથમ અધિકારી ગોપીજનો છે માટે જ પુષ્ટિમાર્ગે ગોપિકાઃ ગુરુઃ કહેવામાં આવ્યું. આ કારણે જ ઉદ્ધવજીએ ગોપીજનોની ચરણરજને વંદન કર્યું છે, અર્થાત્ એમનું ગુરુપણું સ્વીકાર્યું છે નહિતર ક્ષત્રિય પુરુષ આહીરણી સ્ત્રીઓને વંદન કરે ખરા ?

(૧૪૬) વસંતતિલકા

આ મુગ્ધ હું મુખ પરે હરિ ! વારી જાઉં,
છોડો જ પાલવ, વિલંબ પંથે અમોને,
હે અંગ ! આપ મન માન્યું દઈશ તે જ
ઉલ્લંઘી ગેહપતિને અતિ યત્નથી હું.

(૧૪૬) હવે પ્રિયાજી પ્રેમસમાધિમાંથી જાગ્યા અને કહેવા લાગ્યાં. હે હરિ આપના સુંદર મુગ્ધ મુખ ઉપર હું વારી જાઉં, મારો આત્મા ન્યોછાવર કરી દઉં પણ હવે મારો પાલવ છોડો. માર્ગમાં ઘણો વિલંબ થઈ ગયો. અંગ આપનું મનમાન્યું જ ચુંબન પણ આપીશ, પ્રયત્નપૂર્વક આપીશ, હવે પાલવ છોડો.

જેની લાંબા સમયથી ચાહના હોય તે વસ્તુ મળે ત્યારે બધું હરખમાં ન્યોછાવર કરવાની વૃત્તિ થઈ આવે છે. (જેમ નંદરાયજીએ પુત્રજન્મ સમયે મન મૂકીને દાન આપ્યા હતાં તેમ અહીં પરમ દુર્લભ પ્રભુ જેમના મિલનની (સારસ્વત કલ્પના આગમન સુધી) લાંબા સમય સુધી આતુરતા હતી. તે પ્રાપ્ત થતાં ગોપીજનો પોતાના આત્મા સહિત સર્વસ્વ ન્યોછાવર કરે છે. આજ સર્વસમર્પણની ભાવના ! ગોપીજનોનું જે કંઈ છે તે સર્વ પ્રભુનું જ છે એ સૂચિત થાય છે. સ્વપતિ તે દેહના પતિ છે દેહની સરખામણીમાં આત્મા મુખ્ય છે. આત્માના પતિ માટે લૌકિક પતિનું ઉલંઘન પણ જયાં ધર્મરૂપ બની જાય છે એવો આ પરમ અલૌકિક ભાવ છે. આવો ભાવ દઢ થવા માટે અતિપ્રયત્નથી એમ કહ્યું છે.

(૧૪૭) ઉપજાતિ છંદ

એવું વદંતા કરપલ્લવેથી
ગ્રહિ પિયુ–ચિબુકને મૃગાક્ષી
સંકોચ હસ્તે કરતા ચૂમે તે
કટાક્ષથી ત્યાર પછી વદ્યા તે.

(૧૪૭) હે પ્રિય "હું આપનું મનમાન્યું આપીશ, એમ કહેતાં કહેતાં એ મૃગાક્ષીએ પોતાના સુકોમળ કરપલ્લવોથી પ્રિયતમની હડપચી પકડી પછી પોતાના હસ્ત ત્યાંથી લઈ લીધો અને એ પોતાના હસ્તે જ પોતે ચૂમી કરી પોતાના મનનો આશય સૂચવવા આ પ્રમાણે કર્યું. પ્રિયતમને સૂચવ્યું કે હું આપના શ્રીમુખને ચૂમવા ચાહું છું. પ્રિયતમ પણ એમના મનોભાવ સમજી ગયા.

(૧૪૮) માલિની છંદ

અભિલખિત અમારું કંચુકીમાં લખાયું

વિતરણ કર વસ્તુ ને મને વેણ આપ્યું
કર સખી ! વળી આવું વસ્ત્ર સારું ય તારું.

(૧૪૮) અને શ્રીજી કહેવા લાગ્યા કે હે સખી મારી અભિલાષા જે વસ્તુમાં છે તે તો કંચુકીમાં છુપાવી રાખી છે તે અતિ રસયુકત છે. મહાનતામાં તે બિલ્વફળથી પણ ચઢી જાય તેવી છે, એ વસ્તુ મને આપ. તેં વચન આપ્યું છે કે તમારું મનમાન્યું હું જરૂર આપીશ" તો હે સખી તારું વચન સત્ય કર. તારા આ પાલવને હવે વચ્ચેથી દૂર કરી દે.

(૧૪૯) ઉપજાતિ

આવું વદી પાલવ ખેંચતા તે
ફાટ્યું નિહાળી નિજવસ્ત્ર તેવે
વૃથા કરી રીસ વદ્યાં સુગોપી
ભીન્યાં શું જાણે નિજળ ધુઓથી.

(૧૪૯)પાલવને દૂર કરવા કહ્યું તો ખરું પણ પોતે જાણતા જ હતા કે લજ્જાવશ પ્રિયાજી પોતાની મેળે પાલવને દૂર કરી શકે જ નહિ. એટલે આવું બોલવાની સાથે જ પોતે જ તેમનો પાલવ ખેંચ્યો. (પ્રિયાજી તેને પકડી રાખવા ગયા એટલે) પાલવ ફાટ્યો આ જોઈને રીસ કરીને વડીલોનો ડર લાગ્યો હોય એમ કહેવા લાગ્યાં. (મનમાં તો પ્રસન્નતા ઉપરથી દેખાડવાની રીસ.)

(૧૫૦) નીવી જ મેં આ નવી જ અંગ !
અંગે કરી લગ્ન, ગણી સુલગ્ન
ઉમંગથી તે હમણાં તમોએ
આવી કરી ઘેર જાઉં શી રીતે ?

હે અંગ, આને, સુન્દર મુહૂર્ત જાણીને કેટલા ઉમંગથી નવીન નીવી, નવું જ વસ્ત્ર, હું અંગ ઉપર ધારણ કરીને આવેલી, તે તમે આવું કરી દીધું ! ફાડી નાંખ્યું ! અરેરે, હવે હું ઘેર કેવી રીતે જઈશ.

(મિલે ગોપાલ સોઇ દિન નીકો (સુરદાસજી) આજે પ્રભુને મળવાનું હતું એ જ સુન્દર મુહૂર્ત).

(૧૫૧) પૃથ્વી છંદ

કહે "વસન કેમ આ તુજતણું જ ફાટ્યું દિસે ?"
શું ઉત્તર વદું ! કંઈ મિષ નથી, ગૃહે જો પૂછે,
સુગુપ્ત નહિ આ બને, અરર ! કેમ આવું કર્યું ?
"વ્રજેશકુંવરે કર્યું મિષ બતાવજે આ નર્યું."

(૧૫૧) ઘેર જાઉં અને સાસુ નણંદ વગેરે પૂછે કે "આ તારી સાડીનો પાલવ કેમ ફાટ્યો ?" તો હું શો જવાબ આપીશ ? મને કોઈ બહાનું કાઢવાનું સૂઝતું નથી. આપણું આ મિલન સારી રીતે ગુપ્ત રહેવું જોઈતું હતું પણ હવે એમ નહીં બને. માઠું થયાનું તો ગમે તે બહાનું કાઢત ! અરેરે, આપે આ શું કર્યું ? આ સાંભળી શ્રીજી ઉતર આપે છે કે સખી તું એમ જ કહી દેજે કે શ્રીનંદરાયજીના પુત્રનુ આ કામ છે !

(૧૫૨) ગીતિ છંદ

નિજ જીવન જતાં પણ
નહિ લઉં તમ નામ, નાથ ! કોઈ સમે
કોઈ સમય પણ ન કૃપણ,
સ્વકીય સર્વસ્વનો પ્રકાશ કરે.

હે નાથ, પ્રાણ જાય તો પણ હું આપનું નામ પ્રગટ ન કરું ! કૃપણ પોતાનું સર્વસ્વ એવા ધનનો કદી પ્રકાશ કરે ખરો ? કૃપણના ધન જેવા આપ મને પ્રિય છો, સર્વસ્વ છો, આપનું નામ તો કદીપણ દઈશ નહિ.

(૧૫૩) વસંતતિલકા

આવું કહ્યે ભય ધરે અહીં તો અમારું,
લે વસ્ત્ર, આપ મુજને અલિ વસ્ત્ર તારું,
આ સૂક્તિ મગ્ધ રતિમાં

(૧૫૩) શ્રીજી કહે છે કે તારું વસ્ત્ર ફાટવાથી તને ભય લાગતો હોય તો મારું વસ્ત્ર તું લે (પહેરી લે) અને તારું ફાટેલું વસ્ત્ર મને પહેરાવી દે.

શ્રીપ્રિયાજી કહે છે, આવાં વસ્ત્ર પલટવાનો આ સમય નથી. હજુ તો પ્રથમ મિલનનો મુગ્ધભાવ છે. વળી અમે તો ગામડાની ભોળીભાળી સ્ત્રીઓ છીએ. રતિરમણમાં મુગ્ધ બનેલી નગરની કામિનીઓ રસપરવશ બને ને આવો પરસ્પર વસ્ત્રપલટો કરી શકે પણ આપના બરાબર પરિચયમાં આવીશું ત્યારે આવું કરીશું ! અત્યારે નહિ.

(૧૫૪) વસંતતિલકા

ના હું વદું અનય, ઓ અલિ આ દધિનું,
કહે મૂલ્ય, "વાલમ ન મૂલ્ય ગણાય એનું
જો હોય આગ્રહ સુમૂલ્ય તમેજ યોગ્ય,
આપો મને, મદન–મોહન દિવ્યકાય !"

(૧૫૪) હવે શ્રીજી કહે છે કે હે સખી, તને એમ લાગતું હોય કે હું તારું દહીં, દાનમાં (કર તરીકે) લઉં એ અન્યાય છે તો મારે અન્યાય કરવો નથી. ચાલ, તારા દહીંનું જે મૂલ્ય હોય તે મને કહી દે, હું તેનું મૂલ્ય આપીને લઉં, પણ મારે તારું ગોરસ તો લેવું જ છે. ત્યારે પ્રિયાજી કહે છે કે હે સ્મર-મદનાંગ મારું ગોરસ તો અમૂલ્ય છે, છતાં મૂલ્ય આપીને લેવાનો આગ્રહ હોય તો તમને યોગ્ય લાગે તેવું મૂલ્ય તમે આપો. (અહીં શું મૂલ્ય આપવું તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરતા નથી, છતાં જે સંબોધન કરે છે તેમાંજ ગર્ભિત નિર્દેશ આવી જાય છે. "સ્મરમોહનાંગ" (મદનમોહન દિવ્યકાય) એટલે કામરસ પ્રગટ થવાથી જેમનું અંગ મોહક બની ગયું છે એવા. આ સંબોધન દ્વારા મૂલ્યમાં સ્વરૂપદાન (અંગ–સંગ-સુખ) માગી લે છે. લજ્જાવશતાને લીધે

(૧૫૫) ઉપજાતિ

હારાદિનું દાન શુભાંગિ ! દેતાં
માતાથી બીતો, પણ યોગ્ય તો આ,
લે મૂલ્ય આપું કહી એમ ચૂમે,
થયું તને પૂર્ણ ન કે કહે તે.

(૧૫૫) શ્રીજી કહે છે કે હે સુભગ અંગવાળી, તારાં ગોરસ અતિ મૂલ્યવાન છે પરંતુ એમ કરતાં મને તને અનુરૂપ (યોગ્ય) એવું આ બીજું જ મૂલ્ય આપું છું તે લે, એમ કહેતાં કહેતાં જ ચુંબનદાન દઈ દીધું. અને પૂછવા લાગ્યા કે બોલ હવે તારા ગોરસનું મૂલ્ય પૂરું થયું કે નહિ ? (જો બાકી હોય તો પૂરું કરું.)

(૧૫૬) ગીતિછંદ

વ્રજરાજકુમાર કમલ સમ કોમલ,
તમ કૃતિ આ સૌ સારી,
વસન તજો જોશે જન કોઈ,
રાજપથ પર તમ બલિહારી.

(૧૫૬) શ્રી પ્રિયાજી કહે છે. "કમલ સમા સુકુમાર હે વ્રજરાજકુમાર ! આપ જે કરો તે સર્વ સારું જ હોય પરંતુ આ રસ્તો છેઃ કોઈ માર્ગે જનાર જોઈ જશેઃ એ શું સારું છે? મારો પાલવ છોડી દો.

ઉપરના પ્રિયતમના પ્રશ્નનો ગર્ભિત જવાબ આમાં રહેલો છે. શું બાકી રહ્યું તે લજ્જાવશતાથી સ્પષ્ટ કરી શકતા નથી ? પરંતુ માર્ગ મધ્યે આમ કરવું ઉચિત નથી એમ કહીને ગોરસના બાકી રહેલા મૂલ્ય તરીકે, એકાંતિક સુખની અભિલાષા, ગર્ભિત રીતે વ્યક્ત કરે છે. રસશાસ્ત્રનો સિદ્ધાંત છે કે ગુપ્તરીતે જ રસરૂપતા પ્રાપ્ત થાય છે.

(૧૫૭) શિખરિણી

રાલાક્ષિ ! બીજું શ્રવણુ મનને ગોચર ન જે,
સુખે જો તું તેને, ત્યજ નિજજનોનો ભય હવે.

(૧૫૭) હવે નિકુંજવર્ણન કરતાં શ્રીજી કહે છે હે કમલલોચની, અહીં (નિકટમાંજ) અનેક કુંજ-નિકુંજો આવેલી છે. ત્યાં વિવિધ પ્રકારના મનોહર લાગતાં જાતજાતનાં ખીલેલાં પુષ્પો, તેમાંથી નીકળતી ઉત્તમ સૌરભથી ઉન્મત્ત બનેલાં ભ્રમરો, આવું બધું તું જો. અર્થાત જોવા તો નહિ પણ સાંભળવાયે ન મળે, અરે કલ્પનામાં પણ ન આવે એવું બધું તું આનંદપૂર્વક નિહાળ. આમ કરતાં તું સ્વજનો વડીલોનો ભય રાખીશ નહિ. (મારી ઈચ્છાથી આ થાય છે એટલે તને તેઓ કશું કરી શકશે નહિ)

(૧૫૮) ગીતિ છંદ

બાણુ પાંજરે છાનું,
રહ્યું રતિપતિનું સ્વભાર સર્વસ્વ,
કુસુમમય નહિ લતાગૃહ
આ માનું મૃગનયની ! એમ.

(૧૫૮) હે પ્રિયે પુષ્પોથી છવાયેલું લતાગૃહ નથી જાણે એના રક્ષણ માટે પોતાના બાણોનું પાંજરું કામદેવે બનાવ્યું છે. પુષ્પો એ કામદેવનાં બાણ છે.

ભાવ એ છે કે નિકુંજ ચારે બાજુથી પુષ્પોથી છવાયેલી છે (લતાગૃહ નિકુંજ પ્રતિ શ્રી પ્રિયાજીને આકર્ષવા માટે, આ બધું નિરૂપણ થયું છે. (અપહ્નુતિ અને ઉત્પ્રેક્ષા અલંકાર)

(૧૫૯) પૃથ્વીછંદ

નિકુંજપુરમાં અહીં મદનરાય, ધૈર્યાદિકે
સુમંત્રી સહ વાયુ કોકિલ સંબંધી જેને સ્તવે,
[illegible]

(૧૫૯) હવે બીજું રૂપક આપીને નિકુંજસ્વરૂપ વર્ણવે છે. કહે છે કે નિકુંજનગરમાં કામદેવ નામનો રાજા અત્યારે રાજ્ય કરી રહ્યો છે. વાયુદેવ (પવન) એનો મંત્રી છે. તેનામાં ધૈર્ય આદિ ગુણો છે. ધૈર્ય (૧) હિંમત (૨) ધીરા પવનમાં ધીરપણાનો મંદ સમીર ઉતમ ગણાય. કોયલ, મોર વગેરે પક્ષીઓ બંદીજનો રાજા કામદેવની સ્તુતિ કરે છે, શોભિત કમલો ઉપરનાં ઉન્મત ભ્રમરોનાં યૂથ તેનો યશ ગાઈ રહ્યાં છે, એવાં કામનો નૃપતિ ત્યાં જય પામી રહ્યો છે. પરંતુ કયાં સુધી ! હે પ્રિયે તારાં કટાક્ષરૂપી બાણો જ્યાં સુધી છૂટવા માંડે નહિ ત્યાં સુધી. તારા કટાક્ષબાણોથી એ કામદેવ હારી જવાનો છે. (ભાવાર્થ એકે નિકુંજમાં મંદ સમીર વાઈ રહ્યો છે. પક્ષીઓનો કલરવ અને ભ્રમરોનો ગુંજારવ થઈ રહ્યો છે. આ બધું કામોદ્દીપક છે પરંતુ તારાં કટાક્ષશર આ બધા કરતાં અધિક રસોદ્દીપક છે. શ્રી પ્રિયાજીને નિકુંજમાં જવા આકર્ષવાનો તથા કટાક્ષસૌંદર્યની પ્રશંસા દ્વારા તેમને રીઝવવાનો આ પ્રયાસ છે.

(૧૬૦) શિખરિણી

રતિસ્વામી તારા શશિમુખી ! કટાક્ષ-દ્યુતિ થકી
ખરીદાયો દાસે કમલશરથી સુન્દર અતિ,
ઘડાયું તારું આ ગૃહ નિજ બધાથી જ ઘટતું,
પ્રિયે ! સ્વીકારીને કર સફલ તેનો સમય તું.

(૧૬૦) હે શશિવદની ! આ નિકુંજો કોણે બનાવી તે જાણે છે ? રતિપતિ કામદેવે તે બનાવી છે. તારા સર્વાંગ સૌંદર્યની તો વાત જ શી, પરંતુ તારા નેત્રકટાક્ષની રંચક સુંદરતાના બદલામાં તેં એને (કામદેવને) દાસ તરીકે ખરીદી લીધો છે એટલે તારા માટે એ કામ કરે એમાં નવાઈ નથી. એણે સુંદર કમલ, સરોવરોયુક્ત એ નિકુંજો, આનંદપૂર્વક, પોતાની સર્વ શક્તિ [illegible]

(૧૬૧) ઉપજાતિ

સ્વબાણુંથી વેષ્ટિત કુંજ દુર્ગે,
કંદર્પ યોદ્ધો કલકંઠ નાદે,
મને નિમંત્રે અહિં યુદ્ધ માટે,
સહાય આજે કર આલિ, તું તે.

(૧૬૧) વળી બીજી રીતે વર્ણવે છે. હે સખી કંદર્પ યોદ્ધો પોતાનાં બાણોથી છવાએલો નિકુંજરૂપી કિલ્લો બનાવીને બેઠો છે. કોકિલાકૂજન રૂપી પોતાના કંઠનાદ વડે મને પોતાના દુર્ગમાં બોલાવી રહ્યો છે. (યુદ્ધ માટે આહ્વાન આપી રહ્યો છે. આવા બલવાન યોદ્ધા સાથે એકલા લડવા જવું શકય નથી) માટે હે સખી, તું આજે મારી સહાયતા માટે સાથે ચાલ અર્થાત્ એ નિકુંજ પરમ કામોદ્દીપક હોઈને, ત્યાં તારા સમાગમ વિના રહી શકાય તેમ નથી.

(૧૬૨) પૃથ્વી

મુખ દ્યુતિ વડે પ્રિયે ! મદન તું થકી લાજ્યો,
રચી વિજન વનમાં ભવન રમ્ય તેમાં રહ્યો,
વિચિત્ર કલ કુંજને વિનય વાણી એ એહને,
મનાવ મમ સાથ સુંદરી ! મદાલસાક્ષિ ! સુખે.

(૧૬૨) હવે બીજી રીતે વર્ણવે છે. હે પ્રિયે, મદથી આળસ ભરેલાં નેત્રથી વિલક્ષણ લાગતી હે સુંદરી, તારા મુખકમલની કાન્તિથી વારંવાર હારી જવાથી લજ્જિત થઇ ગએલા સ્મર (કામદેવ) નિર્જન વનમાં ઉત્તમ ભવન બનાવીને રહ્યો છે. એ બિચારો આમ અપમાનિત થવાથી દુઃખી છે, માટે કોકિલાની વાણી જેવા વિવિધ પ્રકારના મધુર સ્વરથી, તેનું દુઃખ મનાવનારા વચનો બોલીને, તેને મનાવ. હું પણ તારી સાથે તારી સહાયતામાં રહીશ. ભાવાર્થ એ કે તારું સૌંદર્ય અનુપમ કામદેવથીયે અધિક છે. તું કામક્રીડા ન કરે તો કામદેવ [illegible]

(૧૬૩) પૃથ્વી

ત્વદીક્ષણુ કટાક્ષ બાણુવતી હારતાં ભાગીને
વસે સ્વશર વેષ્ટિત સ્મરનિકુંજ દુર્ગે ભયે.
નિતંબિનિ ! સુમધ્યમે ! નિજ વિહાર બંધો વડે
સહાયકર તું મને, અહીં નમાવવા એહને.

(૧૬૩) વળી બીજી રીતે વર્ણવે છે. જેમ કોઈ યોધ્ધો લડતાં લડતાં ભાગી જઈને પોતાના કિલ્લામાં ભરાઈ ગયો હોય તેને પણ શોધીને, પકડીને. બરાબર સીધો કરવો જોઈએ, નહિતર ફરી કોઈ વાર નડે. તેમ હે નિતંબિની, હે સુમધ્યમા, (સુંદર પુષ્ટ ભાગો અને કટિવાળી), તારા નેત્રકટાક્ષોરૂપી બાણોનો માર સહન ન થવાથી હારીને ભાગી ગયેલો (કામદેવ) પોતાના બાણથી (પુષ્પોથી) વીંટળાએલા કિલ્લામાં (નિકુંજમાં વસી રહ્યો છે. તેને એજ સ્થળે (નિકુંજમાં) જઈને અલ્પ સમયમાં પૂરેપૂરો જીતી લેવા માટે હું જાઉં છું. એને માટે વિવિધ પ્રકારનાં દાવવાળું દ્વંદ્વયુદ્ધ ખેલવાનું છે. આ કાર્યમાં નિજ વિહાર બંધો વડે ૮૪ રતિઆસનો દ્વારા તું મને સહાય કર. (અર્થાત નિકુંજમાં પધારી વિવિધ પ્રકારે ક્રીડા કર)

(૧૬૪) અનુષ્ટુપ

આજ હું સ્વાર્થ સિદ્ધિનું, દ્વાર તારું શું અંતર.
કુચને પામતાં પામું. કામ સંપત્તિઓ બધી.

(૧૬૫) પ્રિયે આજે તારું કુચ યુગલ પ્રાપ્ત થતાં કામદેવની સમગ્ર સંપત્તિ મને મળી જશે. તારા અંતરમાં અંતઃકરણમાં પ્રવેશ પામવો એ જ મારો સ્વાર્થ છે તે સિદ્ધ થશે. એના દ્વારા કામદેવ ઉપર હું વિજય મેળવીશ એટલે કામદેવની સમગ્ર સંપત્તિ મને પ્રાપ્ત થશે. (જેને જીતે એની માલમતા પણ મળી જાય.) સમગ્ર કામસંપત્તિ એટલે પરમ

(૧૬૫) ઇન્દ્રવંશા છંદ

ચંદ્રાવલિ, ત્વન્મુખ પૂર્ણ ચન્દ્રમાં,
સૌંદર્ય સિંધુ પર સિંધુ કેટલા,
કે પૂર્વથી પૂર્વ વિલક્ષણા ઘણા,
ક્ષણે ક્ષણે થાય તરંગ તેટલા.

શ્રી પ્રિયાજીની રૂપપ્રશંસા દ્વારા તેમને રિઝવવા કહે છે–હે ચન્દ્રાવલી, તારા મુખરૂપી પૂર્ણ ચંદ્રનો જે સૌન્દર્યસાગર લહેરાઈ રહ્યો છે તેમાં એક નહિ પણ અનેક સૌંદર્યસાગરોનો સંગમ થયેલો છે. જેવાં કે નેત્રના, નાસિકાના અધરોષ્ઠના, કર્ણના અને કપોલદ્વયના સૌંદર્યસાગરો એકત્ર થઈને પૂર્ણ ચંદ્રસમાન તારો મુખચંદ્ર શોભી રહ્યો છે. જેમ સાગરમાં ક્ષણે ક્ષણે તરંગો (મોજાં) ઉત્પન્ન થાય તેમ એકથી એક ચઢિયાતા એવા સૌંદર્યતરંગો તારા મુખમાંથી પ્રગટ થઈ રહ્યા છે. નેત્ર, નાસિકા, અધર કપોલ એ બધામાં એક-એકથી અધિક સુંદરતા છે જેથી તારી સુંદરતામાં ક્ષણે ક્ષણે નવીનતા પ્રગટ થાય છે (નવીનતામાં જ રમણીયતા છે) જો એકજ સમુદ્ર હોત તો આમ ન થાત પરંતુ અનેક સૌંદર્યસમુદ્રના સંગમરૂપ આ તારો મુખચંદ્ર છે; તેથી જ આમ થાય છે.

(૧૬૬) વસંતતિલકા

તારાં સુનેત્રકમલો મહીં ખેલનારા,
તારા મહી ભ્રમરથી ચપળા કૃશાંગિ,
શોભા મરંદ ઝરતાં સખિએ ગમે તે
મારા દ્રગ ભ્રમરને પણ પારણા છે.

(૧૬૬) હે કૃશાંગી, આ તારાં લોચનરૂપી કમલો, સૌંદર્યરૂપી મકરંદને ચારે બાજુએ વેરી રહ્યાં છે. પ્રિયે, એ સૌંદર્યઅમૃત, મારાં નેત્રો, તારાં નયનસૌંદર્યના પાન વિના ભૂખ્યાં હતાં તેની ભૂખ ભાંગે છે, તૃપ્ત કરે છે. તારાં લોચન કેવાં છે? જેમ

તેમાંથી મકરંદ ઝરીને પ્રસરવા લાગે તેમ તારાં નેત્રરૂપી કમલોમાં શ્યામ તારા (કીકીઓ) રૂપી ભ્રમરો એ સૌંદર્યામૃતરસનું પાન કરીને તૃપ્તિનો અનુભવ કરી રહ્યા છે. (અહીં પ્રિયાજીના નયન સૌંદર્ય અને તેનાં દર્શન માટેની પોતાની આત્યં તિક લાલસા વર્ણવી છે. રૂપક અલંકાર છે.)

(૧૬૭) વંશસ્થ છંદ

મદીય નેત્રાંબુજ ખીલવા થકી,
ન ચંદ્ર ભાનુ શશિ કોટિ શૈત્યથી,
પ્રિયે, ન તારું મુખ વર્ણવી શકે,
ન ત્યાં કવિનાં પણ વેણુ પહોંચનાં.

(૧૬૭) હે ચંદ્રાવલી, આ તારું મુખ ચંદ્ર નથ કેમકે એને જોઈ ને મારાં નેત્રરૂપી કમલો ખીલ ઊઠે છે. (ચંદ્રથી કમલો ખીલે નહિ) વળી એ સૂ પણ નથી કેમકે એનામાં કોટિચંદ્રના જેવી શીત ળતા છે. ત્યારે એ શું? અદ્દભુત શોભાવાળા તા મુખનું વર્ણન કરવા કવિઓ અસમર્થ છે.

આશય એ છે કે નેત્રોના પ્રતિક્ષણ વિલક્ષ સૌંદર્યને જોઈ ને ભગવાન આગાધ મોહસમુદ્ર મગ્ન થઈ ગયા તેથી કહે છે કે કેવલ નેત્રો મોહકતા આટલી છે તો સમગ્ર મુખના સૌદર્ય તો વર્ણન જ કેમ કરી શકાય! મોહકતા અ ભવગમ્ય જ છે. (અપહ્નુતિ, વ્યતિરેક, આ અલંકાર છે.)

(૧૬૮) માલિની

મુજપર અધિકો જે કામને થાય રાગ,
રસમય શર ચાપાદિ બધુંયે સ્વકીય,
પ્રગટ અહીં કર્યું તે, ગુપ્ત તેથી મદર્થે
વદન કમલ તારે, આ ઘણું રમ્ય લાગે.

(૧૬૮) પ્રિયે તારું મુખારવિંદ કેવું છે?

ધનુષ્ય, બાણ આદિ મારે માટે આણે પ્રગટ કર્યું છે. તે આ રહ્યું; તારી ભ્રમરોરૂપી સ્મર ધનુષ્ય, પાંપણોરૂપી પણછ ને આ કટાક્ષરૂપી બાણો. (અર્થાત પ્રિયાનું મુખકમલ તેની સમગ્ર શોભાથી પ્રીતમના ચિત્તમાં કામનું ઉદ્દીપક બની રહ્યું છે.

(૧૬૯) ગીતિ

મુજ મનને વશ કરવા,
તુજ તિલક અધિક વિલસે મધુરી હે,
ભ્રૂકુટિ ધનુષ્ય સાંધીને,
બાણ મદનનું પ્રચંડ શું જાણે....

(૧૬૯) પ્રિયે, બંને ભ્રમરોની મધ્યમાંથી શરૂ થતું લલાટમાં શોભતું આ તારું તિલક તેની લાંબી દીપશિખા જેવી અણીદાર આકૃતિ એ શું છે?

મારા મનને વશ કરવા માટે કામદેવે તારી બન્ને ભ્રમરોને જોડીને તેનું ધનુષ્ય બનાવી તેના ઉપર જાણે કે પોતાનું પ્રચંડ બાણ ચડાવ્યું હોય એવું એ તિલક વિરાજી રહ્યું છે. (ઉત્પ્રેક્ષા અલંકાર.)

(૧૭૦) શાર્દૂલવિક્રીડિત

જો એ ચંદ્ર ચકોર તો કમલ એતો ભૃંગઆલિ! અને
જો તારું મુખ શુદ્ધ સ્નેહ જલતો, આ મીન નેત્રો બને;
સૌંદર્યામૃત દિવ્ય જો નિમિષતા ના થાય ચક્ષુમાં,
તેનું તત્ત્વ લઈ શકાય નહિ કો પદ્માક્ષિ! તો હાલમાં.

હે કમલાક્ષી, તારું મુખ ચંદ્ર છે, કમલ છે, કે સૌંદર્યરૂપ અમૃતનું સરોવર છે તે અત્યારે તો કંઈ પણ નકકી થતું નથી, પરંતુ હે સખી, તારું મુખ જો ચંદ્ર હોય તો મારાં નેત્ર તેનું દર્શન કરનાર ચકોર બને, તારું મુખ જો કમલ હોય તો, મારાં નેત્રો તેનું રસપાન કરનાર ભ્રમર બને, તારું મુખ જો નિષ્કપટ અલૌકિક સ્નેહ રસનું સરોવર હોય તો મારાં નેત્રો એમાં

(દેવસમાન) બની જાય કે તેની પલક ન લાગે. (અમૃત પાન કરનાર દેવોના નેત્રોની પલક લાગતી નથી) અર્થાત્ તારું મુખ અનિમેષ નયને નીરખ્યા કરું.

[અહીં "સ્નેહ" પદ ભક્તિરસનું સૂચક છે. કેમકે શ્રી ચંદ્રાવલીજીનું મુખ સ્નેહાત્મક ભક્તિરૂપ છે.] તારું મુખ શું છે તે અત્યારે તો નકકી થતું નથી. એના સંબંધમાં આવેલાં મારાં નેત્રો હવે પછી કેવા બની જાય છે તે જોયા પછી તારું મુખ શું છે તે નકકી થાય. (સંશય અલંકાર છે.)

(૧૭૧) ગીતિ

બિંદુ સહિત જાણે શું શૂંડદંડ
આ મદનગજતણો છે!
વેણી વિલસે મૌક્તિક પંક્તિ,
અધિક ગુચ્છ ધવલ આગ્ર લસે.

(૧૭૧) પ્રિયે, આ તારી વેણી કેવી સુંદર દેખાય છે! જાણે કામદેવના હાથીની સૂંઢ! લટકતી વેણીને છેડે મોતીની લટોના ગુચ્છા બાંધેલા છે તે જાણે કે હાથીની સૂંઢમાંથી ટપકતાં જળબિંદુઓ! (વેણીને આપેલી આ ઉપમા સૂચવે છે કે વેણી એની મોહકતાને લીધે કામોદ્દીપક બની રહી છે.)

(૧૭૨) વસંતતિલકા

લોકોત્તર હૃદય--કોમલતા જ તારી
છે, અંબુજાક્ષિ! નવ પુષ્પનું બાણ ભારી
કોરે જઈ હૃદય, તેહની શાંતિ આરુ
ત્યાં વૈદ્યરાજ ગમ જું કર તે સુધા શું!

(૧૭૨) હે અંબુજાક્ષિ, તારા હૃદયની કોમળતા લોકોત્તર છે. (સામાન્ય સ્ત્રી

શાન્ત કરવા માટે એક જ અમૃતમય ઔષધ છે, અને તે પ્રિયનું આલિંગન. તેને પ્રાપ્ત કર એટલે તારી આ પીડા નિવૃત્ત થઈ જશે

(૧૭૩) ગીતિ

કર ચરણ નખશશીની, આભા મુજને મળી ધરી સમયે
ચંદ્રાવલિ ! પોતાનું નામ સત્ય તું કર નિજનું આજે.

(૧૭૩) હે ચંદ્રાવલિ, તારું નામ ચંદ્રાવલિ એટલા માટે છે કે તારા હસ્ત અને ચરણના દશ નખચંદ્ર પ્રકાશી રહ્યા છે. પરંતુ ચંદ્ર તો નીલ આકાશમાં જ શોભે એટલે મારા શ્યામલતનુ સહ આલિંગન દ્વારા, હસ્ત–ચરણના બંધો દ્વારા રમણ થતાં, એ ચંદ્રવન શોભી ઊઠશે, તેની ચંદ્રની ઉપમા સાર્થક થશે. અને ત્યારે જ તારું નામ ચંદ્રાવલિ (ચંદ્રની આવલી–પંક્તિ–હાર) એ પણ સાર્થક બનશે માટે કુંજમાં ચાલ.

(૧૭૪) ગીતિ

વદતાં હસી નીરખતાં, લલિત વદન
અંગ સંગ ચંદ્રોએ
ચન્દ્રાવલિ ! તું મુજને શીતળ કર
તુજ ખરું નામ કરીને.

(૧૭૪) હે ચંદ્રાવલિ, ચંદ્રમાં શીતળતા, ઉજ્જવળતા, મધુરતા, આલ્હાદકતા, આદિ ગુણો છે. તારી વાણી, હાસ્ય, અવલોકન, તારા વિલાસો શ્રીમુખનું સૌંદર્ય, અને તારા અંગ–સંગમાં પણ આવા જ ગુણો રહેલા છે. માટે આ બધા વડે તું મને શીતલતા આપ. કેમકે હું તારા વિરહથી તપેલો છું. એક ચંદ્ર આટલી શીતલતા આપે છે તો તું તો ચંદ્રની આવલી છે. ચંદ્રમાં અમૃત છે, તારામાં અમૃતથીયે અધિક મધુરતા છે. ચંદ્રમાં ઉજ્વલતા આલ્હાદકતા છે, તેથી અનેક તાપ નિવૃત્ત કરી, શીતલતા અર્પે તો જ તું ચંદ્રાવલિ ખરી !!

(૧૭૫) ગીતિ

પ્રથમ સમાગમ જાણી, ધરવા
ભેટ યુગલ ફલ ઉરના જે,
આણ્યાં અધિક મનોહર, ઝાંઝર
મંગલ ઘોષ વડે તો એ.

(૧૭૫) હે પ્રિયે, પ્રથમ સમાગમ વખતે, કંઇક ભેટ લઇને, વાજતે ગાજતે જવું, એ નિયમાનુસાર તારા ઉરઃસ્થળમાં છુપાવેલી શ્રીફલની જોડ લઇને, અતિ મનોહર અને મંગલમય નૂપુર નાદ કરતી કરતી આવેલી છે. (તો એની પણ સાર્થકતા કર. અર્થાત્ કુંજમાં એ શ્રીફલ મને ભેટ ધર.)

(૧૭૬) અનુષ્ટુપ

વિલંબ તજ પદ્માક્ષિ ! પૂર મારા મનોરથ
આજ સૌ સખીઓ સાથે, પામ આનંદ તું ઘણો

(૧૭૬) હે કમલનયની, હવે વિલંબ ન ક (મારી ધીરજ ખૂટી ગઈ છે) મારા મનોરથે પૂર્ણ કર. આજે સખીસમૂહ સહિત, તું અત્યં આનંદ પ્રાપ્ત કર.

(૧૭૭) ગીતિ

મુખ–સુધાંશુથી ગળતાં,
અમૃતસમ વચન પિયુનાં શ્રવણ કરી
સહુ રીતે અંતરવશ થતાં
પરસ્પર નિરખે વદન મળી.

(૧૭૭) આ પ્રમાણે પ્રિયતમના મુખચ માંથી નીકળતાં અમૃતસમ મધુર પ્રિય વચ

પ્રિયતમ જે કહી રહ્યા છે એમાં અમારી સંમતિ છે, એવો ભાવ સૂચવતા સૌ સખીજનો શ્રીજીનું શ્રીમુખ નીરખી રહ્યાં, અને એમના મૂળ ભાવોને પ્રિયતમ અવલોકી રહ્યા. આમ ક્ષણવાર, પરસ્પર મુખાવલોકન થઈ રહ્યું છે.

(૧૭૮) પૃથ્વી

પછી સહજ ગાઢ એ પ્રણય પૂરમાં ડૂબતાં,
લઈ જાય ધૈર્ય ઉત્સુક કૃશાંગી વીંટી વળ્યાં
સ્વહાથ થકી તેમને ચિબુક બાહુ ગંડસ્થળે,
સ્પૃશંત ભળિયાં શું સૌ જલધિમાં પ્રિયાએ હિસે.

(૧૭૮) પછી તો એ ગોપીજનોના હૃદયમાંથી સહજ પ્રેમનો એવો ગાઢ પ્રવાહ પ્રગટ થયો કે તેમની લજ્જા, ધીરજ, ભય, બધું જ એમાં તણાઈ ગયું. અર્થાત્ ધીરજ ખૂટી જતાં લાજ લજ્જાનો ભય છોડીને, અત્યંત ઉત્સુકતાથી એ બધા પ્રિયતમની આસપાસ વિંટળાઈ વળ્યાં, એટલું જ નહિ પણ પોતાના હસ્તકમલો વડે કોઈ પ્રિયના ચિબુકને, કોઇ બન્ને કપોલોને સ્પર્શવા લાગ્યાં, કોઈએક હસ્તને સ્પર્શવા લાગ્યાં. ગોપીજનોનો સમૂહ એ સાગરમાં ડૂબી જતો હોય એમ જણાયું. અર્થાત્ એવી ભીડ જામી કે સાગર જેવા જળસમૂહમાં મોજાં ઉત્પન્ન થાય એવી રીતે પ્રભુને મળવા માટે, ગોપીસમૂહમાં હિલોળ ચઢી. એક એકથી આગળ જઈ પ્રિયતમને સ્પર્શવા જાણે કે સૌ અધીર બની ગયાં.

જે ગાઢ પ્રણયપૂરમાં એમની લજ્જા, ધીરજ અને ભય ખેંચાઈ ગયાં એ પ્રેમસાગરની ભરતીમાં એ પ્રિયાઓ પોતે પણ જાણે કે મગ્ન થઈ ગયાં. બધું જ ભાન ભૂલી ગયાં.

(૧૭૯) શિખરિણી

રૂડાં રાધા બહેની ! ચિર સમય એ તત્ત્વ ભજતાં.

હે રાધા સહચરી, લાંબા સમય સુધી આમ ચાલ્યું. પ્રિયતમ પ્રિયાઓના હસ્તસ્પર્શથી પુલકિત થઈ રહ્યા છે. આપનો હૃદયનો રતિભાવ આ વિભાવ વડે ઉદ્દીપન પામ્યો. આપનાં રસભરેલાં આલસયુક્ત નેત્રો, એ હૃદયના ભાવોને પ્રગટ કરી રહ્યાં છે. આવી અર્ધવિકસિત રસભરેલી દૃષ્ટિથી પ્રિયતમ પ્રિયાઓનાં મંદમંદ મલકતાં મુખડાં નીરખી રહ્યા છે. જાણે કે સમાધિસ્થ બનીને ચિરકાલ પર્યન્ત પ્રિયાઓમાં તન્મય બની ગયા છે.

(૧૮૦) વસંતતિલકા

ગોપી કપોલમય દર્પણમાં સ્વરૂપ,
જોતાં વિશેષ સ્મરતા નિજ રાસ–ખેલ;
આનંદ સિન્ધુ લહરી સમ તે પ્રિયાઓ,
સાથે નિકુંજગૃહમાં પ્રિય ચાલીઆ તે.

(૧૮૦) એ સમયે પ્રભુને રાસરમણની સ્મૃતિ થઈ આવી. કેમકે પ્રત્યેક ગોપીજનના દર્પણ સમા કપોલમાં પોતાના (પ્રભુના) સ્વરૂપનું પ્રતિબિંબ પડી રહ્યું છે. પ્રત્યેક ગોપી સાથે કૃષ્ણ એ તો રાસસમયની શોભા (આમ રાસલીલાનું સ્મરણ કરતાં કરતાં પ્રિયતમ, એ બધી આનંદસાગરની લહરીઓ જેવી પ્રિયાઓ સાથે નિકુંજગૃહ પ્રતિ ચાલ્યા. (પ્રિયતમના હૃદયમાં આનંદનો સાગર પ્રગટ થયો. એ સાગરના તરંગો જેવી ગોપીઓ ચારે બાજુ પ્રસરી રહી છે.

(૧૮૧) ઉપજાતિ

પ્રિયાખભે બાહુ ધરી વિચિત્ર,
લીલા કરંતા કર–પલ્લવોએ,
સર્વોત્તમ એ પ્રમદા જનોમાં
કંદર્પનો ભાવ ધીરે વધારે

વડે, વિચિત્ર લીલા–સ્તનસ્પર્શ, ચુચૂક–ખલન આદિ કરી રહ્યા છે, અન્ય પ્રમદાઓ આ લીલા નીરખી રહ્યાં છે. શ્રી પ્રિયાજી સાથેની આ લીલા દ્વારા અન્ય ગોપીજનોના હૃદયમાં કોઈક વિલક્ષણ કામભાવ પ્રભુ પ્રગટ કરી રહ્યા છે. સર્વની લજ્જા દૂર કરી કામોન્મત્તતા ઉપજાવી રહ્યા છે.

(૧૮૨) શિખરિણી

થઈ શોભા તેવે વ્રજવરની તે ના કહી શકું,
પરંતુ મારું આ વચન સજની ! એક સુણ તું,
ઉપાડી જે ધીરા સ્વપદ કમલો સ્થાપન કરે,
ત્રિલોક–સ્ત્રીઓના, શશિમુખિ નમાવેજ મદને.

(૧૮૨) હે શશિવદની, આ સમયે શ્રીજીની જે શોભા પ્રગટ થઈ તેનું વર્ણન કરવા તો હું સમર્થ નથી. પરંતુ હે સખી, મારું તું એક વચન સાંભળ (એટલા પરથી તને એનો ખ્યાલ આવી જશે.) પોતાના બંને ચરણકમલ ઉપાડી–ઉપાડીને) પ્રભુ આગળ ધરી રહ્યા છે, તે પગલે પગલે ત્રિભુવનની સ્ત્રીઓના મદનનું મર્દન કરી રહ્યા છે! અર્થાત્ એમની આ સમયની મદભરી મલપતી ચાલ ઉપર ત્રિલોકની રમણીઓ મોહિત થઈ જાય. (ત્રિભુવન ત્રિય કોન હૈ જો નિરખી ધીર ધરાય?)

સમસ્ત ગોપીજનો પ્રભુની આ લીલા ઉપર મુગ્ધ બનતાં, નિકુંજ પ્રદેશ પ્રતિ જઈ રહ્યાં છે.

(૧૮૩) અનુષ્ટુપ

નિકુંજ આંગણે આવ્યાં, તરુ પલ્લવ જ્યાં ઘણાં,
પ્રવેશ્યા પ્રિય તે સાથે, વિરાજ્યા વસ્ત્ર આસને.

સૌ નિકુંજના લતાગૃહ આગળ આવ્યાં. તેના આંગણામાં અનેક તરુપલ્લવો ઉછેર્યાં છે.

પ્રિયતમ પ્રવેશ્યા ગોપીજનોએ પોતાના ઉત્તરીય વસ્ત્રોનું આસન બનાવ્યું. તેના ઉપર પોતે વિરાજ્યા.

એ સમયે એ આસન જ ઉચિત હતું. વ્રજભકતોના ભાવનું જ એ આસન છે. રાસ પંચાધ્યાયીમાં વર્ણન છે કે **स्त्रैरुत्तरीयैः कुचकुं–कुमांकितै अचिकूलन्नासन मात्मवन्धवे ।** ગોપીઓએ કુચકુંકુમથી રંગાયેલાં એવાં પોતાના ઉત્તરીય વસ્ત્રો વડે આત્મબંધુ પ્રિયતમ માટે આસન બનાવ્યું. પ્રેમની આ જ રીત છે.

(૧૮૪) શિખરિણી

હસંતું છે ઇન્દુમુખ, નયનપદ્મો ચલ અતિ,
કરન્તા હાંસી ને રસ પ્રગટતાં એ વ્રજપતિ,
વદ્યા વ્હાલાજી કે સ્વ–ઉચિત મને દાન કર તું,
કહી લ્યો ગોપીએ, સુમુખિ ! પિયુને ચુમ્બન કર્યું !

(૧૮૪) હે સુમુખી જેમના મુખચંદ્રમાંથી મંદ હાસ્ય પ્રગટી રહ્યું છે, અને જેમનાં નયનકમલ ચંચલ બની રહ્યાં છે, (કટાક્ષ કરી રહ્યાં છે, એવા શ્રી વ્રજપતિ, અત્યંત રસવૃદ્ધ કરતા એવા હાસ્ય-વિનોદ કરતાં કરતાં શ્રી પ્રિયાજીને કહે છે કે "પ્રિયે, તને યોગ્ય લાગે તેવું કંઈપણ તું મને આપ." પ્રિયાજીએ "લ્યો ત્યારે," કહીને પ્રિયતમને ઉચ્ચ સ્વરયુક્ત ચુંબન–દાન દઈ દીધું.

(૧૮૫) ઉપજાતિ

ઉદાર હાસે રદ પંકિત ભાસે,
તેવેજ ઉદ્દીપિત કામભાવે,
તેઓ હરિના મનમાંહ્ય ધૈર્ય,
કરી શકયાં નેત્ર વડે ન તો એ.

(૧૮૫) આ દાન મળતાં જ પ્રિયતમ એકદમ

એ જોઇને આનંદનંદનના મનમાં પણ ધીરજ રહી નહિ.

(૧૮૬) શિખરિણી

ભુજે ધારી ગોપી, કુસુમમય કુંજે પ્રિય ગયા,
પ્રિયા સાથે પુષ્પે, નવ કમળની સેજ ઝટ ત્યાં,
રચી રુડી પોતે પ્રગટ રસ ભાવે સ્વસરખાં,
ઉમંગે તે સંગે રસિક પરમોદાર રમતાં.

(૧૮૬) પ્રિયાજીનો હસ્ત પકડીને, પુષ્પોથી સર્વત્ર છવાયેલી એવી નિકુંજની ભીતર, પોતે પધાર્યા, બધી પ્રિયાઓ પણ સાથે છે. પુષ્પો અને નૂતન સુકોમળ પત્રો વડે તુરત જ સુંદર શય્યા રચી દીધી. આપના હૃદયમાં રસ ભાવ પ્રગટયો; અને પરમ ઉદાર ચરિત્રવાળા પ્રિયતમ, પોતાની સમાન એવાં પ્રિયા સાથે રમણ કરવા લાગ્યાં.

(૧૮૭) હરિગીત છંદ

અધિક પુલકિત કાય, સીત્કારે પ્રગટ રસધારશાં
સ્મર સદન આક્રમણે થતાં જે શ્વાસથી સુન્દર ઘણા,
અતિવેગ હાસ્ય થકી થતા ઉર સ્નેહ ભાવે લાજતાં,
રસભર સદૃષ્ટિ, લજાવ, ચંચલ–લોચનાં સહ ખેલતા.

(૧૮૭) રમણસમયની યુગલ સ્વરૂપની સ્થિતિ વર્ણવે છે; પ્રિયાના અંગસંગથી પ્રિયતમ ઘણા જ રોમાંચિત થઈ રહ્યા છે, મદન-સદન ઉપર આક્રમણ કરવાથી શ્વાસોશ્વાસની ગતિ વધી છે. રસભરેલી દૃષ્ટિથી જોઈ રહ્યા છે. વળી પ્રિયાજીના મુખમાંથી (સીત્કાર) (સીસકારા) પ્રગટ થઇ રહ્યા છે તે જાણે કે રસની ધારા ચાલી રહી છે. પ્રિયાજી એકદમ હસી પડે છે. પછી એવો કોઈ ભાવ મનમાં પ્રગટ થાય છે કે જેના પ્રભાવથી વિશેષ લજ્જિત થઈ જાય છે. એ લજ્જાને લીધે એમનાં

(૧૮૮) પુષ્પિતાગ્રા

પિક સમ કલ કુજતાં કૃશાંગી,
કરી ઘનચુંબન દંત દંશ દેતા,
સરસ વિવિધ બંધના વિલાસે,
શ્રમજલયુક્ત વ્રજેશને રમાડે.

(૧૮૮) અને પ્રિયાજી પ્રિયતમને સુખ આપી રહ્યા છે. શ્રીવ્રજેશને જ્યારે ગાઢ ચુંબન કરતાં કરતાં એમના કપોલ પર દંતક્ષત કરી દે છે ત્યારે પ્રિયાજી કોકિલના જેવી કિલકારી કરી ઊઠે છે. વળી એ કૃશાંગી પ્રિયા વિવિધ પ્રકારનાં સુખદાયક રતિ આસનો દ્વારા વિલાસ કરવાથી શ્રમિત થાય છે, શ્રીઅંગ ઉપર શ્રમજલબિંદુઓ શોભી ઊઠે છે.

(૧૮૯) વંશસ્થ

પ્રિયાંગસંગે રસ આ મને મળ્યો,
કેવો મળ્યો તે પિયુને જાણવા
નિતંબિની યત્ન કરે શું તે સમે,
થઈ જ ભાવથી પૂર્ણ એકતા.

(૧૮૯)હવે વિપરીત રમણની લીલાને વર્ણવે છે. પ્રિયાજી જાણે કે વિચારે છે કે ઉપસ્થિત પ્રિયતમના અંગસંગ વડે મને આવો રસ પ્રાપ્ત થયો હશે, એ અનુભવ મેળવવા માટે પ્રવૃત થયાં હોય તેમ, એ નિતંબિની, ઉપરિસ્થિત થઇને મનથી કૃષ્ણમય બની ગયાં. વિપરીત રમણદ્વારા રસાનુભવ કરવા લાગ્યાં. લાંબા સમય સુધી આમ ચાલ્યું.

(૧૯૦) અનુષ્ટુપ

કેમ કૃત્રિમ તે ભાવ, થાય સ્થિર વિલાસિનિ
અંતમાં ભજતાં ભાવ, લાજે મલકતાં બની.

(૧૯૦) પરંતુ, હે સખી, આવો કૃત્રિમભાવ

(૧૯૧) ગીતિ

કંઇક મીંચેલ નયન વળી,
અધર રંતાશરહિત રોમાંચિત જે,
શ્રમકણ સુંદર મુખને,
પ્રિયે પ્રિયાના ધન્યવાન વર એ.

(૧૯૧) અને પ્રિયતમ, રોમાંચિત થઈને, રસપાન કરી રહ્યા છે. શેનું? અર્ધમિંચાયેલા એવાં પ્રિયાજીનાં નેત્રોનું, ચુસાઈને જેની લાલિમા જતી રહી છે એવા અધરોષ્ઠનું. પ્રસ્વેદ બિંદુઓથી યુકત સઘન કપોલોનું રસપાન કરીને પ્રિયતમ જીવનની ધન્યતા અનુભવી રહ્યા છે. (રતિની આ મધ્યાવસ્થા છે.)

(૧૯૨) ગીતિ

રતિરસ જલધિ વિલાસો
નવતરંગ મહીં પ્રિયા વડે પડિયા,
પાર ન પામ્યા એ પણ,
પોતે પૂરણ કૃષ્ણચંદ્ર વળી આ.

(૧૯૨) ત્યાં રતિરસનો મહાસાગર ઊલટ્યો. નૂતન નૂતન વિલાસો રૂપી સાગરના તરંગોમાં શ્રીપ્રિયાજીને મગ્ન બનાવી દીધા તે એટલે સુધી કે તેઓ તેનો પાર ન પામી શકયા. (જેમ સમુદ્રનાં મોજાંમાં ફસાએલી વ્યકિતને કિનારે આવવું મુશ્કેલ હોય છે) અર્થાત શ્રીપ્રિયાજીએ પ્રિયતમને રતિરસવિલાસોનો નૂતન નૂતન પ્રકારે એવો આસ્વાદ લેવરાવ્યો કે પ્રિયતમ તેમાં અત્યંત લુબ્ધ થઇ ગયા.

પૂર્ણિમાના શ્વેત ચંદ્રથી સાગરમાં ભરતી ચડે છે; તેમ અહીં શ્યામસુંદર કૃષ્ણચંદ્રથી પ્રિયાજીના હૃદયરસસાગરમાં ભરતી ચઢી. (શૃંગાર રસનો વર્ણ શ્યામ છે) સ્વયંપૂર્ણ સ્વરૂપ છે.

વિલાસતરંગોમાં મગ્ન બનાવી દીધા. માટે પ્રિયાજી પણ એવાં જ પૂર્ણશૃંગાર રસાત્મક સ્વરૂપ છે. તેથી જ શ્રીકૃષ્ણ સ્વયંપૂર્ણ છતાં એમના વિલાસોનો પાર ન પામી શકયા. પાર ન પામ્યા. અર્થાત ચિરકાલપર્યંત એ વિલાસતરંગોમાં જ ઝૂલ્યા કર્યું. સત્વર એમાંથી બહાર ન નીકળી શકયા. રતિચતુર પ્રિયાજીએ એમને એવું રસાસ્વાદ દાન કર્યા જ કર્યું ??

(૧૯૩) શિખરિણી

સહે ના હે આલિ, સ્વદૃગમિપનું અંતર પણ,
પ્રિયાનું જોતાં એ મુખ વળી મળ્યે એ મલાવજ,
પ્રિયા વ્હાલાને તો હૃદય ચિર આલિંગન કરી,
સુતત્ત્વો પામેલાં અધિક ભજતા ધ્યાનની દશા.

(૧૯૩) હે સખી, પ્રિયતમ એવા રસલુબ્ધ બની ગયા કે પ્રિયાજીનું મુખ નીરખવામાં પોતાના નેત્રોની પલક લાગવા જેટલું અંતર પણ સહી શકતા નથી. વળી એમને આલિંગવામાં પ્રિયાજીના અંગ ઉપરનું ચંદન લેપન પણ જેમને અંતરાય રૂપ લાગે છે અર્થાત સતત મુખાવલોકન આલિંગનાદિ કરી રહ્યા છે અને શ્રીપ્રિયાજી પણ હૃદયગત પ્રાણેશને ચિરસમય આલિંગીને પ્રિયતમ પાસેથી જે રસતત્ત્વ મેળવવાનું હતું તે મેળવીને પરમ તૃપ્તિ પામીને જાણે કે સમાધિ અવસ્થાને પ્રાપ્ત થયાં છે. (આ સુરતાન્ત વર્ણન)

(૧૯૪) અનુષ્ટુપ

વેણી ગુંથન આરંભી, ચરણે અળતા સુધી,
પ્રેષ્ઠે શૃંગાર પહેરાવ્યા, સ્વપ્રિયાના કહ્યા થકી.

(૧૯૪) પછી તો પ્રિયાજીએ જોયું કે સુરત સમયે ઝકઝોરીમાં પોતાના બધા શૃંગાર અસ્તવ્યસ્ત થઈ ગયા છે અને એમ કરનાર પ્રિય-

શૃંગાર આપ આપને હાથે જ ફરી ધરાવો" અને આધીન બનેલા પ્રિયતમે વેણી ગૂંથવાથી શરૂ કરી, છેક ચરણમાં અળતો લગાવવા સુધીના બધા જ શૃંગાર એમને ધરાવી દીધા.

(૧૯૫) ઇંદ્રવંશા

પછી પિયુએ નખતારલા વિષે,
મુખેન્દુને દર્પણ જેમ દાખવ્યું,
ચંદ્રાવલિ જોઇ સુખે નિહાળતાં,
લજાઇ કંઈ હાસ્યથી પ્રેષ્ઠ વકત્રને.

(૧૯૫) પછી પ્રાણેશે પોતાની અંગુલિના નખરૂપી દર્પણમાં, પ્રિયાજીનું મુખ દેખાડયું. પ્રિયાજીએ પોતાના વદનનું પ્રતિબિંબ જોયું. એ જોતાં પ્રિયાજીને કંઈક લજ્જા આવી. નેત્રો હસી રહ્યાં, એવી લજાળુ અને હસતી દૃષ્ટિથી પ્રિયતમના મુખને પોતે નીરખી રહ્યાં. (જાણે કે પોતાના મુખ સાથે પ્રિયના મુખની સરખામણી ન કરતાં હોય !)

(૧૯૬) ઉપજાતિ

રોમાંચ ધારી બહુ હર્ષતા એ,
કપોલ આનંદ સુધા-નિધિનો,
કચ ગ્રહીને ઘન ચુંબતા જે,
સીત્કાર ધારે નવ આશયે તે.

(૧૯૬) જ્યારે આમ પરસ્પર મુખદર્શન લીલા થઈ રહી છે ત્યારે અતિ હર્ષથી પ્રિયાજીના કપોલ ઉપર રોમાંચ થઇ આવ્યાં. એ કપોલ આનંદામૃતના નિધિ સમા બની ગયા અને એ અમૃત-પાન કરવા પ્રિયતમ એમનો કેશ પાશ પકડીને, કપોલને ગાઢ રીતે ચૂમવા લાગ્યા. ત્યારે પ્રિયાજીના મુખમાંથી સીત્કાર નીકળવા લાગ્યો. પ્રિયના મુખમાંથી ચુંબન સ્વર અને પ્રિયાજીના

(૧૯૭) ગીતિ

વિવિધ કુસુમથી સંકુલ કુંતલ પર,
મુકુટ અતિ લલિત નમતો,
જમણી ભૃકુટિ પર કંઈ રમતાં,
બહુ મુદિત બની પ્રિયને તો.

(૧૯૭) પછી પ્રિયાજીએ શ્રીજીને મુકુટ ધરાવી દીધો એના ઉપર ફૂલના તોરા લટકતા હતા. વાંકડિયા કેશ ઉપર, સહેજ જમણી ભમ્મર તરફ નમતો એ મુકુટ ધરાવ્યો.

(૧૯૮) ગીતિ

મૃગમદ તિલક પુલકમય લલાટમાં
પિયુના રચતાં મધ્યે
નિજ મોતીમય સુંદર કરતાં બિંદુ
પ્રિયા કૃશાંગી એ.

(૧૯૮) વળી, પ્રિયાના હસ્તસ્પર્શે જેમના લલાટ પર રોમાંચ થયાં છે એવા પ્રિયના લલાટ ઉપર, એ કૃશાંગીએ કસ્તુરીનું તિલક કીધું અને તેની મધ્યમાં પોતાના મોતીના બિન્દી લગાવી દીધી.

(૧૯૯) વસંતતિલકા

કર્પૂર કુંકુમ કુરંગમદે મળેલાં,
આરંભી સુન્દર કપોલ થકી પ્રભુના,
પાદાંબુજો સુધી રૂડું મુખચન્દ્ર જોતાં,
તે લેપતાં સખી ! વિચિત્ર સુચન્દને હાં...

(૧૯૯) પછી તો પ્રિયાજી પ્રિયના સુંદર વદનચંદ્રને નિરખતાં જાય છે ને પ્રિયના કપાળથી માંડીને ચરણારવિંદ સુધી ચંદન લેપન કરતાં જાય છે. એ ચંદન કેવું છે? જેમાં કપૂર (બરાસ)

(૨૦૦) અનુષ્ટુપ

કુચકુંકુમના પંકે લેપેલા ઉત્તરીયનું
નિતંબે બાંધતાં શ્રીને, શુભાંગી વસ્ત્ર શોભીતું.

(૨૦૦) પછી એ કૃશાંગી, પોતાના કુચકુંકુમથી રંગાએલું નિજ ઉત્તરીય વસ્ત્ર, પ્રિયતમના નિતંબ ઉપર (પીતાંબરની જેમ) પહેરાવે છે. સાથે વિવિધ પ્રકારે મનોરંજન વિનોદ કરતાં જાય છે.

(૨૦૧) અનુષ્ટુપ

પછી વિચિત્ર ચરણે, કુરંગમદ કુંકુમો
લગાવે ચંદ્રવદની ઝાંઝરો રમ્ય યુગ્મ જ્યાં.

(૨૦૧) અને પ્રિયનાં નૂપુરથી શોભતાં બન્ને ચરણોમાં ચન્દ્રમુખીએ કેસર કસ્તુરી વડે ચિત્ર પણ ચીતરી દીધાં.

(૨૦૨) ઉપજાતિ

સ્વકાંઠલીને ઉરમાં પિયુના,
ધરી સુહારો વળી કુંકુમોએ
વિચિત્રમાલા પણ પુષ્પ કેરી,
કંઠે ધરે કુંડલમંડિતા એ.

(૨૦૨) પછી, કુંડલોથી શોભતા મુખવાળાં પ્રિયાજીએ પોતાના વક્ષસ્થલમાં ધરવાનું આભૂષણ પ્રિયતમના ઉર ઉપર ધરાવી દીધું. પોતાના હાર તેમને ધરાવ્યા, અને પોતાના કુચકુંકુમથી રંગાએલી પુષ્પમાળા પણ પ્રિયના શ્રીકંઠમાં પહેરાવી દીધી.

(૨૦૩) ઉપજાતિ

શ્રીકૃષ્ણના કર્ણ વિષે શુભાંગી,
પુષ્પો ધરે, એ સખી કર્ણિકાર,
ગંડસ્થલે સુન્દર સૂક્ષ્મ સૂક્ષ્મ
રચી ઘણી અદ્દ્ભુત ચિત્રરેખા.

(૨૦૩) હે સખી, એ સુભગ અંગવાળાં પ્રિયાએ, શ્રીકૃષ્ણના કર્ણ વિષે કર્ણિકાર પુષ્પો ધરાવ્યાં અને બન્ને કપોલો ઉપર બારીક રેખાઓવાળું અતિ અદ્દ્ભુત ચિત્ર પણ બનાવ્યું. (કપોલમંડળ.)

(૨૦૪) અનુષ્ટુપ

પ્રિયનાસાપુટે રમ્ય, સ્વનાસાપુટભૂષણ,
ધર્યું પોતે ધરે તેમ, તેમનું પ્રમદોત્તમા.

(૨૦૪) એ પ્રમદાએ પોતાનું સુંદર નકવેસર પ્રિયતમની નાસિકામાં પહેરાવ્યું અને પ્રિયનું નકવેસર પોતે પહેરી લીધું.

(વસ્ત્રાભૂષણોનો પરસ્પર પલટો, એક આનંદજનક પ્રકાર છે. એને લીલા–હાવભાવ કહે છે. "એક વૃંદાવન માંહે નિકુંજના મહેલમાં મારા રાજ" એ પદમાં દયારામભાઇએ આ પ્રકારનું ઉત્કૃષ્ટ વર્ણન કર્યું છે અને "પ્યારે, નેક બંસી દો તો બજાઉ"એ પદમાં સૂરદાસજીએ કર્યું છે.)

(૨૦૫) શિખરિણી

નિહાળીને તેવું રૂપ શશિમુખી હર્ષિત બની
અધીરાં શું ભેટી, પ્રિયમુખ ચૂમંતાં પ્રિય સખી,
ન જાણું વા કેવું સુખ અનુભવ્યું અંતર દગે
પ્રિયા એને નાથે પ્રણયભર પૂરા સુનયને.

(૨૦૫) હે ચંદ્રવદની, પછી તો પ્રિયનું આવું રૂપ નીરખીને, અતિ હર્ષિત થયેલાં પ્રિયાજી અધીરાં બનાન પ્રિયને ભેટી પડયાં. મુખ ચૂમવા લાગ્યાં. હે સખી, એ સમયે પ્રિયાજીના હૃદયને કેવું સુખ થયું તે હું જાણતી નથી, વર્ણવી શકતી ન ી અર્થાત્ અનિર્વચનીય સુખ પ્રાપ્ત થયું. પોતાના સુંદર નયનોમાં પ્રિયાજી એમને પૂરેપૂરા નાથી રહ્યાં છે.

(૨૦૬) અનુષ્ટુપ

સ્વવિલાસ લવે હારે, જ્યાં કંદર્પ, વ્રજાંગના,
સર્વ સંગે રમે શ્રીમાન્ રસપ્રદ વ્રજેશ આ.

(૨૦૬) આજ પ્રમાણે શ્રીમાન વ્રજેશ પ્રભુએ સમગ્ર વ્રજ સુંદરીઓને પરમ સુખનું દાન કર્યું.

વ્રજાંગનાઓ કેવાં છે? પોતાના એક નાનકડા વિલાસ–હાવભાવ ચેષ્ટા માત્રથી સાક્ષાત્ કામદેવને પણ હરાવી શકે એવાં છે. અર્થાત્ એમનો પ્રત્યેક વિલાસ પરમ સુંદર છે–કામોદ્દીપક અને મનોહર છે.

(૨૦૭) શાર્દૂલવિક્રીડિત

આ લોકત્રયમાં કંઈ ન અમને, તો છે અપેક્ષા, સખી !
નિત્યે ચિંતન એહ્‌ છે ફરી ફરી, પદ્માક્ષી ! એ માગણી
આવું સુંદર નંદનંદન સદા, સર્વસ્વદાને ધીરાં,
ગોપી સંગ રમોજ સંગવર તે અસ્મત્કૃતેકુંજમાં.

(૨૦૭) હવે લીલાવર્ણન કરનાર સખી પોતાની સખીને સંબોધીને કહે છે કે–હે સુભગા, પદ્માક્ષી, આપણને તો ત્રણે લોકમાં આથી પર બીજા કશાની પણ અપેક્ષા નથી. નિત્ય વારંવાર એ જ વિનંતી કરીએ કે કુંજભવનમાં સુંદર નંદાત્મજ આ પ્રિયાજી સાથે નિરંતર આમ રમણ કરો કે જે કમલનયની પ્રિયાજી પ્રિયતમને પોતાનું સર્વસ્વ અર્પણ કરવા સમર્થ છે.

(૨૦૮) અનુષ્ટુપ

રાધા ચંદ્રાવલી ગોપીદાસીએ કહ્યું દિવ્ય આ,
સંપૂર્ણ કુંજમાં થાય શૃંગારરસમંડન.

(૨૦૮) નિકુંજમાં (શય્યાની રચના કરતાં કરતાં) શ્રી રાધિકાજીની અને શ્રીચંદ્રાવલિજીની સખીઓએ વર્ણવેલી શૃંગાર રસના શણગાર રૂપ એવી આ અદ્દ્ભુત લીલા પૂર્ણ થઈ.

(૨૦૯) અનુષ્ટુપ

ઇતિ શ્રીકૃષ્ણનું તેમ પ્રિયાઓનું જ વાંછિત,
સ્વર્સ્વ દાન અન્યોન્ય સ્વાશયે વિઠ્ઠલે કર્યું.

(૨૦૯) આ પ્રમાણે શ્રીમદ્ વ્રજેશ અને તેમની પ્રિયાઓનું ઇચ્છેલું પરસ્પર સર્વસ્વ દાન શ્રી વિઠ્ઠલેશ પ્રભુએ સ્વઅર્થે તથા સ્વજનોને અર્થે પ્રગટ કર્યું.

શ્રી ગોપીજનવલ્લભમાં જેમનું ચિત્ત એકતાન છે એવા શ્રી વિઠ્ઠલ દીક્ષિતે રચેલી દાનલીલા સંપૂર્ણ.